વર્ષ : ૪ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષ

૧૯૯૩-૯૪નું વર્ષ સ્વ. પરમાનંદભાઈ કુંવરજી કાપડિયાનું જન્મ શતાબ્દી વર્ષ છે.

સ્વ. પરમાનંદભાઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ સૂત્રધાર હતા; સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હતા. લગભગ પાંસઠ વર્ષના જૈન યુવક સંઘના ઈતિહાસમાં સ્વ. પરમાનંદભાઈએ ત્રણ દાયકાથી અધિક સમય માટે મૂલ્યવાન સેવા આપી હતી. વસ્તુત: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઘડતરમાં સ્વ. પરમાનંદભાઈનું યોગદાન સૌથી મોટું અને મહત્ત્વનું રહ્યું છે. ઉત્સાહી, પ્રસન્નચિત્ત, ચિંતનશીલ પરમાનંદભાઈ સંઘના પ્રાણ સમા હતા. સંઘ સાથે તેઓ એકરૂપ બની ગયા હતા. એક રીતે કહીએ તો પરમાનંદભાઈનો સંઘ સાથેનો સંબંધ અવિનાભાવ સંબંધ હતો. યુવક સંઘની પ્રવૃત્તિઓમાં તેઓ સતત રોકાયેલા રહેતા. તેમનું ચિત્ત સતત તે અંગે જ સક્રિય રહેતું. પરમાનંદભાઈ ઈ. સ. ૧૯૨૯માં સંઘની સ્થાપના થઈ ત્યારથી યુવાનવયે તેમાં જોડાયા હતા અને સંઘની ગતિ સાથે તેઓ સતત ગતિ કરતા રહ્યા હતા. ૭૮ વર્ષની ઉંમરે તેઓ સ્વર્ગવાસ પામ્યા ત્યારે પણ તેઓ 'પ્રબુદ્ધ જીવન', પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સંઘની ઈતર પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર રહ્યા હતા. શરીરથી તેઓ અવશ્ય વૃદ્ધ થયા હતા, પરંતુ મનથી તેઓ પૂરા સ્વસ્થ હતા. ૧૯૨૯ના આરંભકાળમાં સ્વ. મણિલાલ મોકમચંદ અને અન્ય વડિલ કાર્યકર્તાઓ સાથે તેઓ એક સભ્ય તરીકે પોતાની સેવા આપતા રહ્યા હતા. એ વર્ષોને જો ગણતરીમાં લઈએ તો એમનો સંઘ સાથેનો સંબંધ ચાર દાયકાથી અધિક સમયનો હતો. કોઈ પણ એક સંસ્થા સાથે સક્રિયપણે આટલા દીર્ઘકાળ પર્યંત અવિરત સંકળાયેલા રહેવું એ જેવી તેવી સિદ્ધિ નથી. કેટલાક કહેતા હોય છે કે 'વ્યક્તિ નહિ, સંસ્થા મહાન છે.' એ સૂત્ર સાચું હોય તો પણ અપૂર્ણ છે. મહાન વ્યક્તિઓ થકી જ સંસ્થા મહાન બની શકે છે. માત્ર સામાન્ય લોકોની બનેલી કોઈ પણ સંસ્થા મહાન થઈ શકતી નથી. અલબત્ત, કેટલીક વ્યક્તિઓ સંસ્થાના પદ દ્વારા મોટી (મહાન નહિ) દેખાય છે, પરંતુ પદ કે ખુરશી ચાલ્યાં જતાં તેઓ વામન બની જાય છે. મહાન વ્યક્તિઓ સંસ્થા છોડી જાય તે પછી પણ મહાન જ રહે છે, પરંતુ એમના તેજથી વંચિત થઈ ગયેલી સંસ્થા, જો એને એવી બીજી કોઈ વ્યક્તિ ન મળે તો ઝાંખી પડી જાય છે. કેટલીક વાર મહાન વ્યક્તિને સાચવવા ખાતર સંસ્થાના નિયમોમાં અપવાદ કરવા પડે છે. કેટલીક વાર વ્યક્તિ જો ખરેખર મહાન ન હોય તો સંસ્થાના નિયમો આગળ, પોતે સાચી હોય તો પણ ઝૂકવું પડે છે.

(સ્વ. પરમાનંદભાઈ વિશે આ અંકમાં અન્ય લખાણ હોવાથી અહીં આ શતાબ્દી પ્રસંગે મને સ્ફુરેલા થોડા વિચારો રજૂ કરું છું.)

સામાન્ય રીતે લાખો કરોડો લોકોમાંથી બે-પાંચ એવી વ્યક્તિ નીકળે કે જે પોતે પોતાની જિંદગીનાં સો વર્ષ પૂરાં કરે છે. શ્રી સુધર્માસ્વામી સો વર્ષના હતા. સૌથી વધુ શતાયુ લોકો રશિયામાં હોય છે. 'શતં જીવ શરદ' એવા આશીર્વાદ અપાય છે, પણ સો વર્ષ પૂરાં કરવાં એ એટલી સરળ વાત નથી. છતાં કોઈક શતાયુ વ્યક્તિ એવી પણ હોય છે કે જે પોતાના જીવનમાં કશુંક મહાન કાર્ય કરે છે. અથવા છેવટે પોતાના શરીરને સાચવવાની સિદ્ધિ પણ બતાવે છે, અને એવી વ્યક્તિની જન્મશતાબ્દી એમની હયાતીમાં, એમની જ ઉપસ્થિતિમાં ઊજવવામાં આવે છે. આવી ઘટનાઓ અત્યંત વિરલ હોય છે. પરંતુ તે બને છે ખરી. મહર્ષિ કર્વે, પ્રો. દેવધર વગેરે પોતાની જન્મશતાબ્દી જોઈને ગયેલા. (થોડાં વર્ષ પહેલાં સંઘની સમિતિના સભ્ય શ્રી શાંતિલાલ દેવજી નંદુના પિતાશ્રીની જન્મશતાબ્દી એમની હયાતીમાં ઊજવાયેલી. પરમ પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજનાં માતુશ્રી સાધ્વી શ્રી મનોહરશ્રીજીની જન્મ શતાબ્દી એમની હયાતીમાં આ ૩૦મી ડિસેમ્બરે ઊજવાશે.)

સ્વર્ગસ્થ થયેલી કોઈપણ વ્યક્તિના જન્મ શતાબ્દીના વર્ષની જ્યારે ઉજવણી કરવામાં આવે છે ત્યારે અનેક એવા માણસો વિદ્યમાન હોય છે કે જેમની પાસે એમનાં સંસ્મરણો સચવાઈ રહેલાં હોય છે. સો વર્ષનો કાળ એ દૃષ્ટિએ બહુ મોટો નથી. તેથી જ શતાબ્દી પ્રસંગે વ્યક્તિના સ્વજનો અને એમના સંપર્કમાં આવેલા મિત્રો, સંબંધીઓ, ચાહકો, વગેરે લોકો વિદ્યમાન હોય છે. તેઓ વારંવાર આવી સ્વર્ગસ્થ વ્યક્તિ સાથેના પોતાનાં અંગત સંસ્મરણો વાગોળતા હોય છે. વ્યક્તિ હયાત હોય ત્યારે એમના જીવન વિશેની તમામ માહિતી આધારભૂત રીતે સાંપડી શકે છે. પરંતુ એમના અવસાન પછી કેટકેટલી વિગતો ખૂટવા લાગે છે. સમય જતાં સળંગ આખું ચરિત્ર મેળવવું દુર્લભ થઈ જાય છે. પ્રસંગો પણ સ્મૃતિને આધારે રજૂ થાય છે. એટલે જન્મ-શતાબ્દી વખતે ચરિત્ર નાયકના સંસ્મરણો તાજાં કરવાનો, એમની સિદ્ધિઓનું ગૌરવ તથા મૂલ્યાંકન કરવાનો એક સરસ અવસર સાંપડી રહે છે.

દ્વિશતાબ્દી, ત્રિશતાબ્દી કે તે પછીના વખતે ચરિત્રનાયકના જીવંત સંપર્કમાં આવેલી વ્યક્તિઓમાંથી કોઈ જ હયાત હોતી નથી. એટલે ત્યારે ઉપલબ્ધ એવી લેખન-સામગ્રી, તસ્વીરો, ફિલ્મ વગેરે દ્વારા તેના ચરિત્રને ઉપસાવવાનું રહે છે. એથી ક્યારેક ઐતિહાસિક તથ્યની સાથે કલ્પનાનું તત્ત્વ ભળી જાય છે કેટલીક કિંવદંતીઓ પ્રચલિત બને છે. તથા કર્ણોપકર્ણ ચાલી આવતી કિંવદંતીઓમાં સહેતુક કે અહેતુક ફેરફારો પણ થાય છે. કાળનો પ્રવાહ એવા વેગથી ધસમસે છે અને એની તાકાત એટલી જબરજસ્ત હોય છે કે કેટકેટલી વસ્તુઓને તે જીર્ણશીર્ણ કે નષ્ટ કરી નાંખે છે. પરંતુ એથીજ બેપાંચ શતાબ્દી પછી ખરેખર જે મહાન હોય છે એવી વ્યક્તિઓને જ ભવિષ્યની પ્રજા પછી સંભારે છે. માત્ર

તત્કાલીન મોટા દેખાતા હોય એવા અસંખ્ય માણસો કાળસાગરમાં ડૂબી જાય છે.

પરમાનંદભાઈનો કિશોરકાળ અને યૌવનકાળ એટલે આઝાદી પહેલાંનો સમય, મુખ્યત્વે તે સમયે ભાવનગરમાં અને ગુજરાતમાં વીતેલો. પરમાનંદભાઈનો તે પછીનો કાળ, વિશેષત: આઝાદી પછીનો કાળ મુખ્યત્વે મુંબઈમાં વીતેલો. હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ, કાકા કાલેલકર, પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી વગેરેના સહવાસમાં પરમાનંદભાઈની રાષ્ટ્રીય વિચારધારાનું પોષણ થયેલું. તેમના ઉત્તરકાળના જીવનમાં મુંબઈની ઘણી વ્યક્તિઓના સહવાસમાં એમનું જીવન વીતેલું. આમ પણ પરમાનંદભાઈ નવી નવી તેજસ્વી, પ્રતિભાવંત વ્યક્તિઓને મળવા માટે હંમેશાં મુગ્ધભાવે બહુ ઉત્સુક રહેતા. કોઈપણ પ્રકારની ઔપચારિકતા રાખ્યા વિના આવી જુદી જુદી અનેક વ્યક્તિઓને સામેથી મળવા તેઓ પહોંચી જતા. અને એવી તેજસ્વી વ્યક્તિઓને યુવક સંઘના મંચ ઉપર લાવતા.

દરેક વ્યક્તિ પોતાના યુગનું સંતાન છે. જે સમયમાં, જે સ્થળે, જે પરિવારમાં માણસનો જન્મ થાય છે તે બધાને આધારે તેનું ઘડતર થાય છે. એના વિચારો અને એની ભાવનાઓ, એનાં કાર્યો વગેરેમાં તત્કાલીન સમયના સમાજનો ઘણો મોટો પ્રભાવ પડેલો હોય છે. કેટલીક વ્યક્તિઓ માત્ર તત્કાલીન સમાજની નીપજ જ ન બની રહેતાં પોતાની આગવી પ્રતિભાથી અને પ્રબળ પુરુષાર્થથી સમાજ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને સમાજ જે સ્થિતિએ હોય છે તેનાં કરતાં તેને થોડી ઊંચી સ્થિતિએ લઈ જાય છે. આવી રીતે ક્યારેક વ્યક્તિ સમાજને ઘડે છે. કેટલીક વ્યક્તિઓ સમાજથી ઘડાય છે અને સમાજને પછી ઘડે પણ છે. આવી વ્યક્તિઓના જીવનમાં આદાન-પ્રદાન એમ ઉભય પ્રકારની ક્રિયા જોવા મળે છે. એકબાજુ સામાજિક પરિબળો જેમ એના ઘડતરમાં ઘણું મોટું યોગદાન આપે છે, તેમ સમય જતાં વ્યક્તિ પોતે સમાજના ઘડતરમાં પોતાનું યોગદાન આપે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અનેક તેજસ્વી વ્યક્તિઓ ઉપર ગાંધીજીનો અસાધારણ મોટો પ્રભાવ પડેલો. પરમાનંદભાઈના જીવન અને કાર્યમાં પણ તે જોવા મળશે.

જીવન સતત ગતિશીલ છે. તેમ છતાં સ્થિરતાનું તત્ત્વ પણ એમાં એટલું જ મહત્ત્વનું અને આવશ્યક છે. એક પગને સ્થિર કર્યા વગર માણસ બીજો પગ ઉઠાવી શકતો નથી. જીવન અને જગત એટલાં સંકુલ અને ગહન છે કે એનાં બધાં જ પરિબળોનાં બધાં જ રહસ્યને એક સાથે પામવાનું ઘણું દુષ્કર છે. કાળના પ્રવાહમાં ભૂતકાળમાં જેમ જેમ દૂર દૂર સુધી દૃષ્ટિ નાખતાં જઈએ તેમ તેમ કેટકેટલી ઘટનાઓ અને વિષયો જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં નાનાં કે મોટાં થતા દેખાય છે. વર્તમાનમાં જે વ્યક્તિ મહાન લાગતી હોય તે જ વ્યક્તિ બસો ચારસો વર્ષ પછી એટલી મહાન ન પણ લાગે. એક નાનો સરખો પદાર્થ આડો આવીને આખી નજરને ઢાંકી દઈ શકે છે અને મોટા મોટા પર્વતો નાની કીકીની દૃષ્ટિમાં સમાઈ જાય છે. આવી જ રીતે સાંસ્કૃતિક પ્રવાહ ઉપર કાળનો ઘણો મોટો પ્રભાવ રહે છે. એ રહેવો પણ જોઈએ. કાળનો પ્રવાહ જો ન રહે તો વ્યક્તિ, પ્રસંગ, પરિસ્થિતિ, પદાર્થ વગેરેનું યથાર્થ મૂલ્ય સમજાય નહિ. એ દૃષ્ટિએ જ્યારે વિચારીએ છીએ ત્યારે કાળ આશીર્વાદરૂપ લાગે છે. કુદરતનાં પરિબળો-હવા, તેજ, પાણી વગેરે ભૌતિક તત્ત્વોની ચીજવસ્તુઓ ઉપર થતી અસરો, વાવાઝોડાં, નદીઓનાં પૂર, ધરતીકંપ, વગેરે પ્રકારની ઘટનાઓની અસરો પણ તટસ્થ સાપેક્ષ કાળ-દૃષ્ટિથી જોતાં ક્યારેક છૂપા આશીર્વાદરૂપ લાગે છે. એમ જો ન બનતું હોત તો આ જગત કેટલા બધા જૂના જૂના કચરાઓથી ઉભરાતું હોત અને ઉકરડા જેવું બની ગયું હોત. જગતમાં ટકવા જેવું બધું જ ટકી રહે છે અને નષ્ટ થવા જેવું બધું જ નષ્ટ પામે છે એવી શ્રદ્ધા કાળ ભગવાનના યથાર્થ સ્વરૂપના દર્શનમાંથી પ્રગટે છે.

જૈન યુવક સંઘનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એનાં બે સ્વરૂપ દેખાય છે : ૧૯૨૯ માં આરંભમાં એક ક્રાન્તિકારી સંસ્થા તરીકે અને ત્યાર પછી એક સંસ્કારલક્ષી સામાજિક સંસ્થા તરીકે. ખુદ પરમાનંદભાઈનાં જીવનમાં પણ મને આવા બે તબક્કા જણાય છે. ત્રીશીના વખતના યુવાન ક્રાન્તિવીર તરીકે અને આઝાદી પછીના સમયમાં સંસ્કારલક્ષી સમાજચિંતક તરીકે. બાળદીક્ષાનો વિરોધ કરવા માટે યુવક સંઘનો જન્મ થયો. ત્યારે બ્રિટિશ રાજ્ય અને જુદાં જુદાં દેશી રાજ્યો હતાં. બાળદીક્ષા ઉપર કાયદેસર પ્રતિબંધ લાવવાનું સરળ નહોતું. આઝાદી પછી મુંબઈ રાજ્યની વિધાનસભામાં કોંગ્રેસની સંપૂર્ણ બહુમતી હતી અને પ્રભુદાસ પટવારીએ બાલદીક્ષા ઉપર પ્રતિબંધ લાવવા માટે વિધાનસભામાં ખરડો રજૂ કર્યો. એ પસાર કરવા માટે સંપૂર્ણ બહુમતી હતી, છતાં તે ખરડો પાછો ખેંચી લેવામાં આવ્યો તે વખતે યુવક સંઘે ૧૯૨૯ જેવું કોઈ આંદોલન કર્યું નહિ. બદલાયેલી પરિસ્થિતિ અને પરિબળોનો એમાંથી અણસાર મળી રહે છે.

જીવનનો વિકાસ જેમ સીધી લીટીએ થતો રહેતો નથી તેમ સંસ્થાઓનો વિકાસ પણ એક સરખી સીધી લીટીએ સતત થયા કરે એ પણ સંભવિત નથી. સંસ્થાઓમાં સમયે સમયે નવા નવા સૂત્રધારો આવે છે અને તે દરેક પોતપોતાની શક્તિ, દૃષ્ટિ અને આવડત અનુસાર સંસ્થાને નવો મોડ આપે છે. બદલાતા જતા સંદર્ભોમાં એમ થવું જરૂરી પણ છે. એક કાળે સમાજના જે પ્રશ્નો સળગતા દેખાતા હોય એ જ પ્રશ્નો કાળાંતરે પોતાની મેળે ઓલવાઈ જાય છે. એને સંકોરીને ફરી સળગાવવાનું માત્ર નિરર્થક જ નહિ, હાસ્યસ્પદ પણ બની રહે છે, કારણ કે સમયની એવી માંગ હોતી નથી. વિજ્ઞાનના ક્ષેત્રે ભૂતકાળની કેટકેટલી શોધો આજે જૂની અને કાળગ્રસ્ત બની ગઈ છે. વેપાર ઉદ્યોગના ક્ષેત્રે ગઈકાલની રીતરસમ કે આર્થિક નીતિ જે પ્રાણવાન લાગી હોય તે આજે નિષ્પ્રાણ બની જાય છે. રાજકારણના ક્ષેત્રે એક સમયે જે સમસ્યાઓ અત્યંત ગંભીર કે ભયાનક લાગતી હોય તે સમસ્યાઓ કાલાંતરે અર્થહીન બની જાય છે. કાળચક્રના ફરવા સાથે આમ બનવું સ્વાભાવિક છે. એવી જ રીતે સંસ્થાઓના ઈતિહાસની અંદર પણ આવા કાળચક્રનો ઘુમાવ રહ્યા કરે છે. એથી જ યુગે યુગે તાટસ્થ્યયુક્ત પુનર્મૂલ્યાંકનનો અવસર આવીને ઊભો રહે છે. એવાં પુનર્મૂલ્યાંકન વિના સાચો ઈતિહાસ સંભવી શકે નહિ.

સમાજ, ધર્મ, રાજકારણ વગેરેના ક્ષેત્રોમાં વખતોવખત આમૂલ પરિવર્તનની જરૂર રહે છે. ક્રાંતિવીરો તેવાં પરિવર્તનો આણે છે. ક્રાંતિ કરનાર વ્યક્તિના પક્ષે સ્વાર્પણની પણ અપેક્ષા રહે છે. જેઓ સહન કરવા તૈયાર થાય છે તેઓ જ ક્રાંતિના કદમ ઉઠાવી શકે છે. ક્રાંતિ જ્યારે થાય છે ત્યારે દરેક વખતે ધાર્યું જ પરિણામ આવે એવું નથી હોતું. ક્રાંતિ ક્યારેક નિષ્ફળ પણ જાય છે અને તે કરનારને હતાશ કરી નાખે છે. ક્યારેક ક્રાંતિ કર્યા પછી તે કરનારનો તેમાંથી રસ ઊડી જાય છે, કારણ કે તેના સહકાર્યકર્તાઓનો પછી સહકાર રહેતો નથી. ક્યારેક ખુદ ક્રાંતિકારને પોતાને પણ અણધાર્યાં વિપરીત પરિણામ જોયા પછી ભ્રમ-નિરસનનો અનુભવ થાય છે. ક્યારેક વ્યક્તિનું જીવન જ બે તબક્કામાં વહેંચાઈ ગયું હોય છે-એક ક્રાંતિનો તબક્કો અને બીજો સ્થિરતાનો તબક્કો. ક્યારેક ક્રાંતિ કરનાર વ્યક્તિને પોતાની ક્રાંતિનાં પરિણામો ઝટ ઝટ ભોગવવાની ઈચ્છા જાગે છે અને તેમ કરવા જતાં અન્ય લોકોની ઈર્ષ્યાનો તે ભોગ બની જાય છે. ક્યારેક ક્રાંતિની સામે પ્રતિક્રાંતિ પણ ગતિ પકડે છે. આમ ક્રાંતિના ચક્રને સમજવું એટલું સરળ નથી. યુવાનવયે પોતાના ઘરમાંથી ભગવાનની મૂર્તિ અને જપમાળાને કૂવામાં પધરાવી દેનાર કવિ નર્મદ પ્રૌઢાવસ્થામાં ભગવાનની મૂર્તિ સામે રાખીને વ્યાઘ્ર ચર્મ ઉપર બેસીને જપમાળા ફેરવતો જોવા મળે છે ત્યારે દ્વિધા થાય છે કે આ બે માંથી સાચો નર્મદ કયો ? જેમ બદલાયેલી પરિસ્થિતિ ભલભલા ક્રાંતિવીરોને લાચાર કરી મૂકે છે તેમ પશ્ચાત્ કાળનું ડહાપણ પણ ભલભલા ક્રાંતિવીરોના જીવનમાં પરિવર્તન આણે છે.

ક્રાન્તિ એ જીવનની દવા છે, રોજનો આહાર નથી.

☐ રમણલાલ ચી. શાહ

# પરમાનંદ કાપડિયા એક વિલક્ષણ પ્રતિભા

❑ યશવંત દોશી

પરમાનંદ કાપડિયામાં અનેક વિશિષ્ટ લક્ષણો હતાં એટલે એમને એક વિલક્ષણ પ્રતિભા કહેવામાં આપણે કંઈ વધારે પડતી વાત, કંઈ અત્યુક્તિ કરતા નથી. જોકે એમની ખૂબી એ હતી કે વિશેષતાઓને એ સામાન્યતાના દેખાવ નીચે ઢાંકી રાખતા.

પરમાનંદભાઈ સાથે ઘણોબધો અંગત પરિચય હતો એવો દાવો મારાથી થાય તેમ નથી. તેમ એમનું જીવનચરિત્ર વાંચીને એની સિલસિલાબંધ હકીકતો આપવાનું પણ મેં ધાર્યું નથી. ધાર્યું હોય તોયે એ શક્ય નથી, કારણ કે એમનું જીવનચરિત્ર પ્રગટ થયું જ નથી. શતાબ્દી પ્રસંગે એ ખૂટતું સાહિત્ય ઉપલબ્ધ બનાવવું જોઈએ. જો કે મુંબઈ જૈન યુવક સંઘના કુશળ સંચાલકોએ એની યોજના કરી જ હશે.

અત્યારે તો એમના પરિચયમાં આવવાનું જે થોડું ઘણું બન્યું છે, એમને વિષે જે કંઈ જાણ્યું છે, અને સૌથી વિશેષ તો એમનું લખેલું જે કંઈ વાંચ્યું છે તેની સ્મૃતિને આધારે થોડીક છૂટીછવાઈ વાતો જ કરી શકાશે.

કોઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિની વાત કરતી વેળાએ એના પૂર્વજોની વાત કરવી વાજબી ગણાય કે નહિ તે તો શી ખબર, પુત્રનાં લક્ષણ પારણામાંથી કે બાપ તેવા બેટા એ કહેવતો મોટા ભાગની કહેવતોની જેમ અર્ધસત્ય જ છે. પણ પરમાનંદભાઈનું કુટુંબ ભાવનગરનું એક અગ્રણી કુટુંબ હતું. બીજાં કુટુંબોથી જુદું તરી આવતું કુટુંબ હતું. જે યુગમાં ભાવનગરના વાણિયાઓના છોકરાઓ દુકાનદારી કરતા કે ગુમાસ્તાગીરી કરતા એ દિવસોમાં ભાવનગરની જૈન કોમનાં જે બે પાંચ કુટુંબોનાં સંતાનોએ ઉચ્ચ શિક્ષણ લીધું તેમાંનું એક આ કુટુંબ.

ભાવનગરની મોટી બજારમાં આણંદજી પરસોતમની કાપડની દુકાન હતી. આણંદજીભાઈના ત્રણ પુત્રોએ ભાવનગરમાં મોટી પ્રતિષ્ઠા મેળવેલી. ગિરધરભાઈ વેપાર સંભાળતા, કુંવરજીભાઈ મોટા વિદ્વાન હતા અને ગુલાબચંદભાઈ નાગરસેવક હતા અને વર્ષો સુધી ઓનરરી મેજિસ્ટ્રેટ તરીકે મ્યુનિસિપાલિટીના કેસો ચલાવતા હતા.

ભાવનગરની જૈન સાહિત્યના સંશોધન-સંપાદનની પ્રવૃત્તિ કરતી કેટલીક સંસ્થાઓ સાથે દેશવિદેશમાં જાણીતી હતી. તેમાંની બે સંસ્થાઓ સાથે આ કુટુંબ ઘનિષ્ઠ રીતે સંકળાયેલું. જૈન ધર્મ પ્રસારક સભા કુંવરજીભાઈની સભા તરીકે જ ઓળખાતી. એ સભાના માસિક 'જૈન ધર્મ પ્રકાશ'ના તંત્રી પણ કુંવરજીભાઈ હતા. જૈન ધર્મનું વિષેનું પરંપરાગત જ્ઞાન એમણે એટલું આત્મસાત કરેલું કે સાધુ-સાધ્વીઓ પણ શંકાસ્પદ બાબતો એમને પૂછવા આવે અને કેટલાક એમની પાસે ભણવા આવે. બીજી સંસ્થા જૈન આત્માનંદ સભાને ગુલાચંદભાઈની સંચાલશક્તિનો લાભ મળેલો.

આ ત્રણે ભાઈઓના પુત્રોની સેવાઓ મુંબઈને મળી. ગિરધરભાઈના પુત્ર મોતીચંદ કાપડિયા. મહાવીર જૈન વિદ્યાલય સાથે એમનું નામ કાયમ માટે લેવાતું રહેશે. કુંવરજીભાઈના પુત્ર પરમાનંદ કપડિયા અને ગુલાબચંભાઈના બે પુત્રો મનુભાઈ કાપડિયા અને ધીરુભાઈ કાપડિયાને પણ મુંબઈ જાણે છે.

પરમાનંદભાઈ બી. એ., એલએલ. બી. થયા પણ વકીલ-સોલિસિટર બનવાને બદલે હીરાના વેપારી થયા. વેપાર કરવા માંડયો ખરો પણ જીવ વિદ્યાપ્રેમી, પ્રવૃત્તિશીલ, ક્રાંતિકારી એને પરિણામે શિક્ષણસંસ્થાઓની અને સામાજિક સંસ્થાઓની અસંખ્ય વ્યક્તિઓ સાથે એમને પરિચય કેળવાયો. સાહિત્યકારો અને કળાકારો સાથે ઘનિષ્ઠ સંબંધો બંધાયા.

પરમાનંદ કાપડિયાનું નામ પહેલવહેલું બહુ રસપ્રદ સંજોગોમાં સાંભળ્યું. ભાવનગર ગયેલા ત્યારે કોઈને વાત કરતાં સાંભળ્યા કે પરમાનંદ કાપડિયાએ નાતમાંથી રાજીનામું આપ્યું. સાંભળીને નવાઈ લાગી. આવું કોઈ દિવસ સાંભળ્યું નહોતું. ૧૯૩૦-૪૦ના એ દાયકામાં હજી તો જ્ઞાતિઓ એટલી જોરાવર હતી ખરી કે એ કોઈને નાત બહાર મૂકે. પણ સામે ચાલીને નાત બહાર નીકળનાર આ માણસ કોણ હશે ? પરમાનંદભાઈએ શુદ્ધ ગાંધીવાદી માર્ગ અપનાવ્યો હતો એમ કહેવાય. પોતાની પુત્રીનું લગ્ન બીજી નાતના યુવક સાથે કરવું હતું. લગ્ન વિષેના જ્ઞાતિના નિયમો, બંધનો એમને માન્ય નહોતાં. એવા સંજોગોમાં જાતે જ છૂટા થઈ જવાનું પરમાનંદભાઈને જ સૂઝે. એમણે જ્ઞાતિને એક કપરી કામગીરીમાંથી બચાવી લીધી.

૧૯૩૬માં અમદાવાદમાં જૈન યુવક પરિષદ ભરાઈ. પ્રમુખસ્થાને પરમાનંદ કાપડિયા હતા. એમણે એ દિવસોમાં એમના મનમાં જે પ્રશ્ન રમ્યા કરતો હતો તેને જોરદાર વાણીમાં શ્રોતાઓ સમક્ષ મૂક્યો. એ સમયે એ દેવદ્રવ્યને સામાજિક કાર્યો માટે વાપરવાની હિમાયત સતત કર્યા કરતા હતા. એ વિષે ઘણું લખેલું. ઘણું બોલેલા. પરિષદના પ્રમુખપદેથી પણ અગાઉ એ વાત કરી. અને અમદાવાદના જૈનોના રૂઢિચુસ્ત વર્ગમાં હાહાકાર મચી ગયો.

જૈનોનાં અનેક તીર્થસ્થળોનાં દેરાસરોનો વહીવટ કરતી આણંદજી કલ્યાણજીની પેઢીનું વડું મથક અમદાવાદમાં. કેટલાયે મોટા મોટા જૈન શ્રેષ્ઠિઓ અમદાવાદમાં વસે અને અહીં આવીને મુંબઈનો એક માણસ દેવદ્રવ્ય સામાજિક કાર્યોમાં વાપરવાની વાત કરી જાય ? એને સંઘ બહાર મૂકો. અમદાવાદના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે પરમાનંદ કાપડિયાને સંઘ બહાર જાહેર કર્યા. ખરેખર તો એ પ્રક્રિયા નિરર્થક હતી, કારણ કે પરમાનંદભાઈ મુંબઈના સંઘના, સભ્ય હતા, અમદાવાદના નહિ. જે સંઘમાં એ હતા જ નહિ તેમાંથી તેમને બહાર કેવી રીતે મૂકાય ? છતાં અમદાવાદ સંઘના મોવડીઓએ એ સંતોષ લીધો.

પરિષદ બોલાવનાર અમદાવાદ જૈન યુવક સંઘે આ પગલા સામે વળતું પગલું લેવાનું નક્કી કર્યું. એણે પરમાનંદ કાપડિયા સાથે પ્રીતિભોજન ગોઠવ્યું. આવી જાઓ. અમે જાહેર રીતે પરમાનંદભાઈ સાથે બેસીને જમીશું અને એમની સાથે એકતા જાહેર કરીશું. મૂકો અમને બધાને સંઘ બહાર !

પ્રીતિભોજનની દરખાસ્ત પરમાનંદભાઈ સમક્ષ મૂકવામાં આવી ત્યારે એમણે બે શરત મૂકી. ભોજન તદ્દન સાદું રાખવું રોટલા, ભાખરી, શાક, દાળ એવું. આપણે કોઈ જમણવાર નથી કરવો. ફક્ત સાથે બેસીને જમવું છે. અને બીજી શરત. દરેક જણે પૈસા આપીને જમવાનું. પ્રીતિભોજન થઈ ગયું. સંઘે કંઈ કર્યું નહિ. અને વાત ત્યાં પૂરી થઈ.

પરમાનંદ કાપડિયા નાના-મોટા સૌના મિત્ર બની જતા. મિત્ર બનવાની કોઈક અદ્દભુત કળા એમણે સિદ્ધ કરી હતી. તમે એમના પરિચયમાં આવો પછી ધીમે ધીમે કરતાં ક્યારે એમના મિત્ર બની ગયા એનો તમને ખ્યાલ પણ ન રહે. એમને મન મિત્ર બનાવવા માટે કોઈ અતિ મોટું નહિ, અતિ નાનું નહિ. કાકાસાહેબ કાલેલકર અને નાનાભાઈ ભટ્ટ પણ એમના મિત્ર હોય, અને મહાવીર જૈન વિદ્યાલયમાં નવોસવો આવેલો કોઈ વિદ્યાર્થી પણ એમનો મિત્ર હોય. આના મૂળમાં એમની તદ્દન સ્વાભાવિક એવી વિનમ્રતા હતી. ગૌરવભરી, સ્નેહભરી વિનમ્રતાનું આચરણ કેવું હોય તે વિષે ડેઈલ કાર્નેગીને પણ એ કદાચ એક-બે વાત શીખવી શકે.

એમના વિશાળ મૈત્રીનિર્માણની એક ચાવી એમની ઉગ્રતા વિનાની તાર્કિકતા હતી. એ તમારી સાથે હંમેશા ચર્ચા કરવા તૈયાર હોય પણ પોતાની વાત તમારા મનમાં ઉતારવાની એમને ઉતાવળ ન હોય. ચર્ચાનો તમારો પક્ષ પૂરેપૂરો સાંભળવાની એમનામાં ધીરજ હતી. અને પોતાની વાત તર્કબદ્ધ રીતે મૂકવાની કુશળતા હતી. સામો પક્ષ આકળો થઈ જાય તો તેનાં હથિયાર હેઠાં મૂકાવી તેને શાંત કરી દેવાની આવડત હતી. એક દિવસ જયવદન તકતાવાળાની ઑફિસમાં અમે મળી ગયા. ચર્ચાએ ચડયા. મહારાષ્ટ્ર સરકારે દારૂબંધી હળવી બનાવવા ધારેલું. પરમાનંદભાઈને લાગ્યું કે પ્રસ્તાવ સારો છે અને તેથી દારૂબંધી વધુ સફળ બનશે એમણે 'પ્રબુદ્ધ જીવન'માં એનું સમર્થન કરતી નોંધ લખી. ચર્ચાનો વિષય એ હતો. મેં થોડાક ઊંચા અવાજે અને કંઈક ઉગ્રતાથી એમને દારૂબંધીના વિરોધી ગણાવી દીધા. એમણે સ્મિત સહિત અને મૃદુ અવાજે એક નાનકડું વાક્ય જ કહ્યું : 'તમે તો જાણો છો કે એવું નથી !'

પરમાનંદભાઈ વિચારક તરીકે તત્ત્વને, સિદ્ધાંતને વળગી રહેવાનું અને વ્યવસ્થાની, વ્યવહારની બાબતોમાં હોય તે પ્રમાણે ફેરફાર કરવાનું વલણ રાખતા. એને લીધે ક્યારેક લોકો ભડકી જતા. મહાવીર જૈન વિદ્યાલયના છાત્રો શહેરની સાહિત્યિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હાજર રહે એવું પરમાનંદભાઈ ઈચ્છતા. કોલેજના વિદ્યાર્થીઓ માટે એ શૈક્ષણિક ઘડતરનું સાધન છે એમ એ માનતા પણ એમાં એક મુશ્કેલી આવતી હતી. આ બધી પ્રવૃત્તિઓ-મુખ્યત્વે વ્યાખ્યાનો, ચર્ચાઓ, પરિસંવાદો- સાંજના છથી આઠ વાગ્યાની વચ્ચે હોય. પણ જૈન સંસ્થામાં રાત્રીભોજનની મનાઈ હોવાથી વિદ્યાર્થીઓ આ જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જઈ શકે નહિ. જૈન સંસ્થામાં રાત્રીભોજન છૂટ આપવાની તો વાત જ ઉચ્ચારી શકાય નહિ. તેમ છતાં પરમાનંદભાઈએ આ વિષે નોંધ લખી કંઈક રસ્તો શોધી કાઢવાનું સૂચવ્યું. કોલેજકાળના વિદ્યાર્થીઓને શહેરની જાહેર પ્રવૃત્તિઓથી દૂર રહેવું પડે એ એમને મોટું શૈક્ષણિક નુકસાન લાગતું હતું. એ નોંધ ઉપર સારી પેઠે ઊહાપોહ થયેલો. પછી શું થયું તેની મને ખબર નથી.

એક લેખમાં પરમાનંદભાઈએ માંસાહારની વિરુદ્ધમાં સમર્થ દલીલો કરી છે. પણ એમણે તાત્ત્વિક દલીલોને વળગી રહીને ક્ષણિક, ઉપલકિયા દલીલોથી દૂર રહેવાની સલાહ આપી છે. વનસ્પતિઆહાર માંસાહાર કરતાં વધુ શક્તિદાયી છે, માંસાહાર અમુક રોગો પેદા કરે છે એવી વાતો સાચી હોય કે ખોટી, પણ માંસાહારનો ત્યાગ એની ઉપર આધાર રાખતો નથી. એ ત્યાગના પાયામાં તો કરુણાની વૃત્તિ જ રહેલી હોવી જોઈએ. માંસાહાર વધારે તાકાત આપે છે એમ સાબિત થાય, વનસ્પતિઆહાર પણ અમુક રોગો પ્રગટાવે છે એમ પુરવાર થાય, તોપણ માંસાહાર નિષિદ્ધ જ ગણાવાનો રહે. માંસાહારત્યાગ વિજ્ઞાન કે આરોગ્યશાસ્ત્ર પર નહિ પણ ધર્મ, કરુણા અહિંસા પર નિર્ભર છે.

એક વિચારપત્રના તંત્રી તરીકે પરમાનંદભાઈની નજર સર્વત્ર ફરતી. 'પ્રબુદ્ધ જૈન'ને પણ એમણે જૈનોના વિષયો પૂરતું મર્યાદિત ન રાખ્યું અને પાછળથી એ વિશાળ દૃષ્ટિને લીધે જ સામયિકનું નામ ફેરવીને 'પ્રબુદ્ધ જીવન' રાખ્યું. કોઈનું ભાષણ સાંભળ્યું, કોઈનું પુસ્તક વાંચ્યું, કોઈની સાથે ચર્ચા થઈ અને એમાં કંઈ સત્ત્વ લાગ્યું તો એ વ્યક્તિને લેખ લખવાનું કહ્યું જ હોય. એ રીતે જીવનનાં કેટલાંયે ક્ષેત્રો વિષે લેખો લખાવ્યાં.

મારાથી બહું લેખો નહિ લખાયેલા પણ એક લેખ અંગેનો અનુભવ યાદ આવે છે. ૧૯૫૩ના અરસામાં રુકિમણીદેવી એરંડેલે સંસદમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સામે એક બિલ રજૂ કરેલું. ભાવનગરમાં થિયોસોફિકલ સોસાયટીએ એને વિષે એક સભા રાખી. મેં એ સભામાં બધાથી જરા જુદો મુદ્દો ઉઠાવ્યો. આપણે સૌ એક બાજુ માણસો પ્રત્યે જાતજાતની ક્રૂરતા આચરીએ છીએ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવાની કયે મોંએ વાત કરવા જઈએ ? આ મુદ્દા વિષે અનેક દાખલા-દલીલો પણ આપ્યાં. બીતાં બીતાં એ ભાષણ 'પ્રબુદ્ધ જીવન'માં મોકલ્યું. એ વખતે પરમાનંદભાઈ સાથે કશો પરિચય નહિ, આપણને ભાવનગરની બહાર કોઈ ઓળખે પણ નહિ, અને વિષય આવો તોફાની. લેખ કેમ છપાય ? અને છતાં છપાયો. કોઈક જુદું દૃષ્ટિબિંદુ જોવા મળ્યું એટલે પરમાનંદભાઈ એ ઝડપી લેતા. લેખની નીચે તંત્રીની લાંબી નોંધ હતી. પોતે સંમત ન હોતા પણ મુદ્દો વિચારવા જેવો હતો.

તંત્રી તરીકે એ જે લખતા તેમાં સૌથી વધુ ગમી જાય તેવું તત્ત્વ એમનું પ્રગતિશીલ વલણ હતું. રાજકીય અર્થમાં નહિ, સામાજિક અર્થમાં. મનુષ્ય પ્રત્યેની ઉદારતાના અર્થમાં. એક જાણીતા જૈન કુટુંબની પુત્રીની પ્રેમકથા વિગતે આપેલી પણ સમગ્ર લખાણમાં ભારોભાર સહાનુભૂતિ હતી. એક જૈન સાધુ વર્ષો પછી પણ પત્નીના આકર્ષણે સાધુવેશ ત્યજીને પાછો આવવા માગતો હતો તે જોઈ પત્નીએ આત્મહત્યા કરી. આ વિષેના લખાણમાં પણ બન્ને પક્ષને સમજવાનું વલણ હતું.

એમણે લખેલી અવસાનનોંધો એમના લખાણોનો જ નહિ પણ ગુજરાતી પત્રકારત્વનો સુંદર ઉત્તમ નમૂનો છે. અવસાનનોંધમાં ફક્ત સારું સારું લખવું અને મરેલાની પ્રશંસા કરવી એ પરમાનંદભાઈની પદ્ધતિ નહોતી. વ્યક્તિને તેનાં તમામ પાસાં સાથે યથાતથ ઉપસાવી આપવી એ એમની રીત હતી. બે લાંબી અવસાનનોંધો સ્મૃતિમાં આવે છે. શ્રી અરવિંદ વિષે અને મહંમદઅલી ઝીણા વિષેની, એમણે લખેલી નમૂનેદાર અવસાનનોંધોનો એક સંગ્રહ આજે પણ પ્રગટ કરવા જેવો છે.

પરમાનંદ કાપડિયા લેખનની કલામાં, લેખનની સુંદરતામાં પણ ઊંડા ઊતરતા. આ શબ્દને બદલે પેલો શબ્દ શોભશે, વાક્યરચના આમ ફેરવવાથી વધારે સારી લાગશે એવી ચિવટ એમને સતત રહેતી, આવેલા લેખો પણ ભાષાની દૃષ્ટિએ મઠારે. લખાણ વાંચવામાં સુખદ, આનંદદાયક હોવું જોઈએ એ જોવાનું તંત્રીનું કામ માનતા.

અનુવાદમાં તો એમની કસોટીમાંથી પાર ઊતરવું અઘરું હતું. ચાર-પાંચ પુસ્તકોના અનુવાદ કર્યા પછી મને એવી આત્મશ્રદ્ધા ખરી કે આપણે તો સરસ અનુવાદ કરીએ પણ કોઈ લેખના અનુવાદમાં પરમાનંદભાઈ જે સુધારા કરે તે માથે ચડાવવા જેવા જ હોય.

જૈનોને પરંપરાગત સાંપ્રદાયિક વ્યાખ્યાનોના સંકુચિત વાડામાંથી જ્ઞાનના વિસ્તૃત જગતમાં લઈ જવા માટે એમણે પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી. મુંબઈની જે સૌથી વધુ વ્યાપક જાહેર પ્રવૃત્તિઓ છે તેમાં આ વ્યાખ્યાનમાળા પણ ગણાવી શકાય. તેના વ્યાખ્યાતાઓની નામાવલિ અને વિષયોની યાદી જોઈએ ત્યારે ખ્યાલ આવે છે કે પરમાણંદભાઈની નજર કેટલા મોટા વિસ્તાર ઉપર ફરતી હતી. આજના કેટલાયે ધુરંધરોને તેમણે તેઓના ચઢાણને પ્રારંભે જ ઝડપેલા.

છેલ્લે બે વાત. એક, આગળ કહી ગયો તેમ, પરમાનંદભાઈનું જીવનચરિત્ર પ્રગટ કરવું જોઈએ. બીજી વાત, એમનાં બધાં લખાણોમાંથી તારવણી કરીને જાળવવાં જેવાં હવે ગ્રંથસ્થ કરી લેવાં. એમાં ધોરણ એક જ હોવું જોઈએ : જાળવવા જેવું છે કે નહિ ? વિષય, પૃષ્ઠ સંખ્યા એ કશાનો વિચાર કર્યા વિના સંઘરવા જેવું સંઘરી લેવું જોઈએ. મુંબઈ જૈન યુવક સંઘ ખમતીધર સંસ્થા છે.

આ આનંદદાયક પ્રસંગે કંઈક કહેવાનો અવસર પૂરો પાડવા માટે મુંબઈ જૈન યુવક સંઘના સંચાલકોનો હું આભાર માનું છું.

[મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષની ઉજવણીમાં તા. ૧-૧૨-૧૯૯૩ના દિવસે આપેલું વ્યાખ્યાન.] ❑❑❑

# જીવન વ્યવહારમાં શું ખૂટે છે ?

❑ 'સત્સંગી'

બાહ્ય રીતે જીવનવ્યવહાર રૂડોરૂપાળો પણ ભાસે છે. ગાડીઓ, બસો, પ્લેનો વગેરે સમયપત્રક પ્રમાણે દોડાદોડ કરે છે, સરકારી ઓફિસો સમય પ્રમાણે કામ કરે છે, શાળાકોલેજો અને યુનિવર્સિટીઓ ચાલે છે, પરીક્ષાઓ લેવાય છે, પરિણામો બહાર પડે છે, અદાલતોમાં કેસ લડાતા હોય છે અને ન્યાયમૂર્તિઓના ચૂકાદા બહાર પડતા હોય છે, લોકસભા અને ધારાસભાઓમાં સત્ર દરમ્યાન ખરડાઓ પસાર થતા હોય છે અને પ્રધાનો વહીવટ કરતા હોય છે, બજારોમાં માલની લેવેચ થતી હોય છે, સમાજમાં ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, પરહિતવાદી, મનોરંજક વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલતી રહે છે, વર્તમાનપત્રો, સામયિકો, નિયમિત બહાર પડે છે, પુસ્તકો પણ બહાર પડતાં જ રહે છે, હોસ્પિટલોમાં અને ખાનગી ડોકટરો પાસે અનેક દર્દીઓની સારવાર ચાલતી રહે છે. આ સઘળા જીવન વ્યવહારથી કેટલાક આગજનો તો દિઙ્મૂઢ થઈ જાય અને કેટલાક શહેરીજનો પણ ભારતની પ્રગતિનું ગૌરવ લે.

પરંતુ ગાડીઓ, બસો, વિમાનો વગેરેના ભયંકર અકસ્માતો બનતા હોય, સરકારી ઓફિસોમાં કામનો નિકાલ ન થતો હોય, શિક્ષણની ગુણવત્તા નૈરાશ્ય ઉપજાવે, અદાલતોમાં ન્યાયનો વિલંબ થતો રહે, લોકસભા અને ધારાસભાઓમાં ઝગડાઓ જ ચાલતા હોય,સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પ્રદર્શનનું તત્વ મુખ્ય રહેતું હોય, વર્તમાનપત્રો આર્થિક કમાણીનું મુખ્ય ધ્યેય રાખતાં હોય, સારી વાચનસામગ્રી આપતાં સામયિકો ચાલતાં ન હોય જ્યારે મનોરંજક સામયિકોથી પૈસાની સારી કમાણી થતી હોય, વેપારીઓ ભેળસેળ અને યેનકેન પ્રકારેણ વધારે નફામાં જ રસ ધરાવતા હોય, ડોકટરો ધનવાન દર્દીઓની સારવારમાં જ રસ લેતા હોય અને અર્થોપાર્જનમાં જ મુખ્ય રસ હોય, વિશેષમાં ભ્રષ્ટાચાર, લાંચરૂશ્વત વગેરેનો મહિમા વધતો રહેતો હોય એ બધું કાન પર અથડાય ત્યારે આ રૂડારૂપાળા લાગતા જીવનવ્યવહાર પ્રત્યે સામાન્ય માણસને પણ દુઃખદ આશ્ચર્ય થયા વિના રહે નહિ.

આ બીનાની આઘાતજનક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે ત્યારે આપણને લાગી આવે છે અને વિચારતાં ભાન થાય છે કે આ ચાલતા રહેલા જીવનવ્યવહારમાં કંઈક મહત્વનું ખૂટે છે. આ જે ખૂટે છે તે છે માર્ગદર્શન, રસ્તો બતાવવાની ઉમદા અને પવિત્ર ફરજને જે દેશ સમગ્ર વિશ્વ માટે પ્રકાશરૂપ બન્યો છે અને રસ્તો બતાવી શકે તેમ છે તે જ દેશમાં માર્ગદર્શનના અભાવનું વાતાવરણ છે એમ જાણીને આઘાત લાગે છે. મહાત્મા ગાંધીજીએ જવાહરલાલ નહેરુને તેમના વારસદાર ઠરાવ્યા હતા, પરંતુ જ્યારે નહેરુની ઉંમર વધતી જતી હતી ત્યારે પત્રકારો, વિચારકો, રાજકારણીઓ વગેરે એક જ પ્રશ્ન પૂછતા હતા, 'નહેરુ પછી કોણ ?' સૌ કોઈને એક જ જવાબ દેખાતો હતો-શૂન્યવકાશ. રાજકીયનેતા પોતાના સાથીદારોના સહકારથી પ્રજાને દોરવણી આપે છે એ સારું. પરંતુ નેતાની બીજી ફરજ એ છે કે પોતાના જવા પછી શૂન્યવકાશ ન સર્જાય તે માટે પોતાના સાથીદારોને નેતા તરીકે તૈયાર કરે. મહાત્મા ગાંધીએ પ્રજામાં ચેતન રેડવા સાથે નેતાઓ, કાર્યકરો વગેરે સહૃદયતાથી તૈયાર કર્યા. પરંતુ તેમના પછી આવી ઉમદા પ્રક્રિયા થંભી ગઈ. પરિણામે, હમણાં દોઢ વર્ષ પછી જ લોકસભાની ફરી ચૂંટણી થઈ અને તેમ છતાં ત્રિશંકુ લોકસભા બની અર્થાત્ લઘુમતી સરકાર ક્યારે સંસદમાં વિશ્વાસનો મત ગુમાવી બેસે એ કહી શકાય નહિ. તેમજ જે વડા પ્રધાન બને તેમને પોતાના સાથીદારોના વિશ્વાસની પણ ખાતરી રહેતી નથી. રાજ્ય સરકારો માંડ પાંચ વર્ષ પૂરાં કરતી હોય છે. અવારનવાર વિધાનસભાનું વિસર્જન થતું હોય છે અને રાષ્ટ્રપતિ શાસન સ્થપાતું હોય છે. આ પરિસ્થિતિમાં જે સમય, શક્તિ અને દેશનાં નાણાંનો દુર્વ્યય થાય છે તે કેવળ અક્ષમ્ય છે એવી આ ગંભીર પરિસ્થિતિ ગણાય.

આ પરિસ્થિતિનાં મૂળમાં માર્ગદર્શનના અભાવનું વાતાવરણ જવાબદાર ગણાય. મહાત્મા ગાંધીજીએ જેમ સહૃદતાથી લોકોને તૈયાર કર્યા તેવી પ્રણાલિકા અવિરતપણે ચાલુ રહી હોત તો આજે આવી પરિસ્થિતિ ન જ થઈ હોત. અલબત્ત દરેક નેતા ગાંધીજી બની શકે નહિ, પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ પણ નેતાઓ પોતાના સાથીદારોને તાલીમ આપી શક્યા હોત. ચાર દાયકા પછી પણ એકડો ઘૂંટવા જેવી પરિસ્થિતિ ઊભી રહી છે ! અલબત્ત માર્ગદર્શનનો પ્રશ્ન ઘણો ગંભીર અને વિચારપૂર્ણ છે. એવું બને છે કે માણસ કોઈ યુવાનને આશ્રય આપે, આર્થિક સહાય કરે, તેને નોકરી અપાવે તેને હૂંફ અને સાંત્વના આપે, તેના અન્ય પ્રશ્નો ઉકેલવામાં સહાયભૂત બને વગેરે વગેરે. પરંતુ માણસ તેના હાથ નીચે કામ કરતા માણસને સહૃદયી માર્ગદર્શન આપવામાં, તેને તે ક્ષેત્રમાં ફાવટ આવે એવી રીતે તૈયાર કરવામાં, તે ક્ષેત્રમાં સૂઝ કે હૈયાઉકલત આવે એવી દૃષ્ટિ આપવામાં એવી ખિન્નતા અનુભવે છે કે પોતાનાં ક્ષેત્રની પ્રગતિ ન થાય તો તે ચલાવી લેવા તૈયાર છે, પરંતુ તેની હાથ નીચેના માણસ કે માણસોને પોતાની હરોળમાં તેઓ સ્થાન ધરાવે એવી તાલીમ તે આપતો નથી. આમ ન કરવા પાછળ માણસની દલીલ એ હોય છે કે પોતાના જેવો માણસને તૈયાર કરવામાં આવે તો પોતાની કિંમત ઘટી જાય અને એવું પણ બને કે તૈયાર થયેલો માણસ પોતાનું સ્થાન લઈ લે અથવા તો તેની સામે જ તેવું કામ શરૂ કરીને તેનો જબ્બર સ્પર્ધક બને. આ પ્રકારની દહેશત દરેક પ્રકારનાં ક્ષેત્રમાં મુખ્ય માણસ અને મુખ્ય વહીવટકર્તાને પજવે રહે છે.

એક સામાન્ય દાખલો લઈએ. એક યુવાનને સરકારી કે ખાનગી સંચાલનની ઓફિસમાં જુનિઅર કારકુન તરીકેની નિમણૂંક મળે છે. આ યુવાનને કારકુની કામનો અનુભવ નથી, તેની પાસે માત્ર ડિગ્રી છે. જે સીનિઅર કર્મચારીઓ, હેડ ક્લાર્ક, ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ વગેરે હોય તે સૌ નવા આગંતુક પ્રત્યે ઘડીક કુતુહલ દાખવે તો ઘડીક કરડી નજર નાખતા રહે. નોકરી મળવાના આનંદ સાથે આવેલો યુવાન પહેલે જ દિવસે નર્વસ બનતાં શીખે છે. આ યુવાનને પછી કંઈક કામ પણ સોંપવામાં આવે અને તે માટે થોડીક ઝડપી સૂચના પણ આપી દેવાય. તેને જરૂર હોય છે હૂંફભર્યા માર્ગદર્શનની, તેને જરૂર હોય છે તેનાં કામની સમજ પડે એવી સમજાવટની અને તેને આશા હોય છે કે તેની ભૂલ થશે તો કરડી નજરને બદલે સહાનુભૂતિથી ભૂલ સુધારવામાં આવશે. પરંતુ તેને મોટે ભાગે સ્વયંશિક્ષણનો સિદ્ધાંત અપનાવવો પડે છે. અન્ય કર્મચારીઓએ પણ સ્વયંશિક્ષણના સિદ્ધાંતથી ઓફિસનો સમય વ્યતીત કર્યો હોય છે. આ પરિસ્થિતિ 'હોય ત્યાં કિસ્સાઓ ' પેન્ડીંગ'ન રહે તો બીજું શું થાય ? જરૂરી કાગળ શોધતાં બે ત્રણ દિવસ નીકળી જાય તો નવાઈ નહિ અને પછી તે કાગળની શોધ બિનજરૂરી ગણાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું ન રહે.

સંભવ છે કે આ પરિસ્થિતિને કારણે તાલીમ અને ખાતાકીય પરીક્ષાઓ પર ભાર મૂકવામાં આવ્યા હોય. પરંતુ જે બાબત ઘરેડ તરીકે આવે છે. ત્યારે તેમાં ચૈતન્ય આવતું નથી. શિક્ષકોની વાત લઈએ તો ઠીક ઠીક સમયથી બીનતાલીમી શિક્ષકોને નોકરી માટે પણ સ્થાન જ

નથી એવી પ્રણાલિકા સ્થાપિત થઈ છે. તેવી જ રીતે પ્રોફેસરો માટે પણ તાલીમ જેવી શિબિરો કે ઓપનવર્ગો યોજવામાં આવે છે. તેમ છતાં શિક્ષણ અંગે વિદ્યાર્થીઓ ભણવા માગતા નથી, વાલીઓ ધ્યાન આપતા નથી, સમાજમાં ભૌતિકવાદનાં મૂલ્યો સર્વસ્વ બન્યાં છે વગેરે કારણો આપી શિક્ષકો અને પ્રોફેસરો પોતાની જવાબદારી બરાબર સંભાળે છે એવું ચિત્ર ઉપસાવાય છે. આઝાદી પહેલાં તાલીમમાં ન સમજાવી શકાય એવું ચૈતન્ય રહેતું જ્યારે આજે સઘળી તાલીમો ઘરેડની બાબત બની ગઈ છે અને નિયમ પ્રમાણેનાં ભથ્થાંના બિલ બનાવવાની પ્રક્રિયા બની ગઈ છે. ડૉક્ટરો, ઈજનેરો અને તંત્રવિદોની જાણકારી સવિશેષ ટેકનીકલ ગણાય, છતાં તે ક્ષેત્રો અંગે ગૌરવ લેવા જેવું ખાસ નથી. વર્તમાનપત્રો દ્વારા આ જાણકારોની અક્ષમ્ય નબળાઈઓ જાણવા મળતી હોય છે. તાલીમ લેનારાઓને તાલીમ લઈને પોતાની શક્તિનો આવિર્ભાવ કરવાનો ઉમંગ અને ઉત્સાહ નથી હોતો. આ પ્રકારની તાલીમ તાલીમીઓને સર્વગુણસંપન્ન બનાવે એવી હિમાયત અહીં નથી. પરંતુ જે પાયાની સામાન્ય બાબત ગણાય તેની જાણકારી અને આવડત તાલીમીઓને મળે તો તે ઘણું જ સારું ગણાય.

આ પ્રમાણે અલગ રીતે તાલીમ અપાય અને મુખ્ય વ્યક્તિ અથવા જાણકાર પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરે તેમાં શો ફેર ? મુખ્ય વ્યક્તિ અથવા જાણકાર પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરે એમાં તૈયાર થનારા કામથી અલગ બનતા નથી. તેઓ પોતાનું કામ કરે છે અને સાથે સાથે મુખ્ય વ્યક્તિ પાસેથી માર્ગદર્શન મેળવતા રહે છે. અહીં કાર્ય અને તાલીમ વચ્ચે એકસૂત્રતા જળવાય છે. ધારો કે કાર્યમાં કંઈ ભૂલ પડી કે કાર્ય સંતોષકારક ન થયું હોય તો તાલીમ આપનાર તૈયાર કરનારનું ત્વરિત માર્ગદર્શન મળે છે; પરિણામે, નવા કર્મચારીને પોતાની ભૂલ કે કાર્યની ખામી સમજાય છે, શું ખ્યાલમાં લેવાનું છે તે તે ગ્રહણ કરાય છે, ભૂલ સુધરી જાય છે અથવા કાર્ય બરાબર થાય છે ને કાર્ય વિલંબિત સ્થિતિમાં રહેતું નથી. આમ નવા આગંતુકો શરૂમાં પોતાનાં કાર્ય અંગે ક્ષેત્ર પ્રમાણે માહિતગાર થતા જાય છે, જાણકારી કેળવતા જાય છે અને મહાવરાથી પોતાનાં કામમાં ફાવટ મેળવી શકે છે. આ પ્રકારની તાલીમમાં બીજો વિશિષ્ટ ફાયદો એ રહે છે કે નવા આગંતુકોને તૈયાર કરનાર સાથે વૈયક્તિક સંપર્ક રહે છે. આ વૈયક્તિક સંપર્કનું અનન્ય સુપરિણામ એ આવે છે કે સમય જતાં નવા આગંતુકોમાં તૈયાર કરનારની દૃષ્ટિનું સંક્રમણ થાય છે. વળી, તૈયાર કરનાર વ્યક્તિને પોતાનાં કામનો જેટલો ઉત્સાહ હોય છે તેનાથી વિશેષ ઉત્સાહ સાથે કામ કરનારાઓને તૈયાર કરવામાં રહે છે. તે બીજાંને તૈયાર કરવામાં પોતાની ફરજ અને ગૌરવ ગણે છે. આ પ્રકારની રોજિંદી તાલીમમાં ભાષણની જરૂર પડતી નથી, વખતે થોડી વાતચીતની જરૂર પડે છે અને કેટલીકવાર તો હળવાં વાતાવરણમાં પણ કોઈ કોઈ બાબતની ગમ પડી જતી હોય છે.

અલગ રીતે જે તાલીમ અપાય છે તેમાં રોજિંદા કામ સાથે સંબંધ રહેતો નથી, પરંતુ તાલીમ સૈદ્ધાંતિક બની જાય છે. તાલીમ આપનારાઓ ક્ષેત્રે પ્રમાણે મુદ્દાઓ, નિયમો,કાર્યપદ્ધતિ વગેરે સમજાવી જાય છે. પરંતુ આ સમજણ વ્યવહારમાં તાદૃશ થાય તેવું પ્રાયોગિક કાર્ય તાલીમ દરમ્યાન હોતું નથી. જ્યાં પ્રાયોગિક કાર્ય રહેતું હોય છે ત્યાં પ્રાયોગિક કાર્ય પણ સૈદ્ધાંતિક બની જતું હોય છે. એક પ્રકારનાં ચોકઠાંમાં સૌ પ્રાયોગિક કાર્ય કરી લે છે. પોતાની જે નોકરી થોડા સમય બાદ રીતસર કરવાની છે. તેમાં આ પ્રાયોગિક કાર્યનું સંક્રમણ થતું નથી. વળી, તાલીમ આપનારાઓને તાલીમાર્થીઓ સાથે વૈયક્તિક સંપર્ક નહિવત જ રહે છે. વિશેષમાં તાલીમ આપનારાઓને તાલીમ આપવાનો ઉત્સાહ એકસરખો રહેતો નથી અને તાલીમાર્થીઓને તેમના તરફથી ઉષ્માભર્યું વાતાવરણ મળતું નથી. સાથે સાથે કડવું સત્ય એ પણ છે કે તાલીમાર્થીઓને તેમની નોકરીનાં કામમાં રસ છે, પરંતુ તાલીમ તેમને બોજારૂપ લાગે છે. પરિણામે સાવ જ ટૂંકા ગાળાની કે રીતસર એકબે વર્ષના અભ્યાસક્રમવાળી તાલીમનો હેતુ સારો છે, પણ તે બર આવતો નથી. તાલીમ પ્રત્યેક ક્ષેત્ર માટે જરૂરી છે, બલકે અનિવાર્ય છે, પરંતુ તાલીમનો પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે એમ કહેવું યોગ્ય લાગે છે. સઘળો વાંક તાલીમાર્થીઓનો કાઢવામાં તાલીમાર્થીઓને અન્યાય જ થયો ગણાશે એ મુદ્દો સ્વીકારવો જ ઘટે. આપણા દેશના આર્થિક સમેત સઘળા સંજોગોને ખ્યાલમાં રાખીને તાલીમના પ્રશ્નની ગંભીર વિચારણાની આવશ્યકતા છે. અલગ રીતે તાલીમ ન જ અપાવી જોઈએ એવી અહીં હિમાયત નથી.

આઝાદી પહેલાં પ્રાથમિક શાળાથી માંડીને કૉલેજના વિદ્યાર્થીઓ સુધી વિદ્યાર્થીઓ ક્યા શિક્ષક કે પ્રોફેસર પાસે ભણ્યા છે તે પરથી તેમનાં જ્ઞાન, સમજ વગેરેનો ખ્યાલ લેવાતો. તેવી જ રીતે કોઈ વ્યક્તિ ક્યાં અમલદાર, વકીલ, ડૉક્ટર, વેપારી કે પત્રકાર પાસે તૈયાર થઈ છે તે મુખ્ય મુદ્દાની બાબત ગણાતી. ત્યારે આજે તાલીમનાં સર્ટિફિકેટોનું પણ વજન પડતું નથી. જે વ્યક્તિ પરદેશની છાપ લઈ આવી હોય તેનો થોડો ભાવ પૂછાય છે. પરંતુ વિદેશથી તાલીમ લઈ આવેલી વ્યક્તિ પોતાના દેશબંધુઓને પોતાની તાલીમનો લાભ સહૃદયતાથી કેટલો આપતા હશે એ તો પ્રશ્ન જ છે. આઝાદી બાદ પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરવાની પ્રથા થોડો જ સમય રહી અને અલગ તાલીમનો યુગ શરૂ થયો. તેની ફળશ્રુતિ તરીકે પ્રાથમિક શાળાના શિક્ષણકાર્યથી માંડીને નેતાગીરી સુધીનાં તમામ કાર્યક્ષેત્રોમાં કાર્યની ગુણવત્તા અને કામ કરનારની નિષ્ઠાનાં ધોરણ અંગે આપણે વર્તમાનપત્રો દ્વારા અને અનુભવ દ્વારા નિહાળી રહ્યા છીએ! માનવશક્તિ કરતા કોમ્પ્યુટરશક્તિ વધારે ઝડપી અને અસરકારક છે એ યુગનાં એંધાણ પણ આપણે આપણી સગી આંખે જોઈ જ રહ્યા છીએ

માનવશક્તિની ઘોર અવગણના થાય એ માનવજાતની કમનસીબી જ ગણાય. યંત્રો માટે મોટા માણસો ગમે તેટલું ખર્ચ કરવા તૈયાર છે, પણ જ્યાં કામ કરતા જીવંત માણસને પગાર વધારવાની અને જરૂરી સુવિધાઓ આપવાની વાત આવે ત્યાં તેઓ તરત આર્થિક બોજાની વાત કરવા લાગે છે. આ મોટા માણસોની એવી પ્રાર્થના રહેતી હશે કે સ્વયંસંચાલિત યંત્રો હોયતો બધી વાતે નિરાંત થઈ જાય આવી પ્રાર્થના પાછળ માણસનાં 'આત્મકેન્દ્રીપણું' અને પોતાનાં ભાઈબહેનો પ્રત્યેનો તિરસ્કાર છતો થાય છે, યંત્રોને લીધે કામ કરનારાઓને ડૉક્ટરો નિદાન ન કરી શકે તેવા રોગો થાય છે તેની કહેવાતા મોટા માણસોને પડી નથી. યંત્રોને સર્વસ્વ બનાવવાથી બેકારી વધે તેની ચિંતા મોટા માણસોને હોતી નથી. વાસ્તવમાં કામ કરનાર માણસને પ્રેમ અને માર્ગદર્શન મળે તો તેનામાં રહેલી અદ્દ્ભુત શક્તિ આવિર્ભાવ પામે એ સત્યનો સ્વીકાર કરવાની જરૂર છે. યંત્રો માટે તો શરૂથી જ મોટી મૂડી રોકવી પડે છે. યંત્રો રીપેરિંગ ન માગે ? તેના માવજત, દેખભાળ વગેરે ન રાખવાં પડે? એક વાર રીપેરિંગ કરાવવું પડે ત્યાં કેટલી રકમ ચૂકવવી પડે એ તો મોટા માણસો સાચી વાત કહે તો ખબર પડે. તો પછી જીવંત માનવયંત્રને ઘસારો ન લાગે ? તેને ઓઈલિંગની જરૂર ન પડે ? અહીં યંત્રોના નાશની વાત નથી, પરંતુ યંત્રોને સર્વસ્વ બનાવી અમૂલ્ય માનવધન વેડફવા સામે માત્ર ટકોર જ છે.

વર્તમાન પરિસ્થિતિ એટલી બધી છિન્નભિન્ન અને અયોગ્ય વળાંકવાળી બની છે કે એનો ઉપાય શોધવો ઘણો કઠિન છે. બાજી હાથથી સરકી ગયા જેવો ખેલ બન્યો છે. તેથી વસનિવધારાનું ગાણું ગાવાને બદલે સૌ કોઇ એકબીજાને ઉપયોગી થવાની કિંમત માગ્યા વિના પરસ્પર ઉપયોગી થાય તો ધીમે ધીમે વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવું શક્ય બને. અલબત્ત કોઇનો ટાંટીયો ખેંચવો કે યેન કેન પ્રકારેણ મોટી આવક ઊભી કરવી વગેરે જેવાં અન્ય વ્યક્તિનાં ખતરનાક કાર્યો માટે ટેકો આપવો કે ઉપયોગી થવાની વાત હોય જ નહિ. મુખ્ય મુદ્દો એ છે કે અનુભવીઓ અને જાણકારો ઊગતી પેઢીને પ્રેમભાવથી અને નિખાલસતાપૂર્વક યોગ્ય માર્ગદર્શન આપતા રહે તો વૈયક્તિક તેમજ સમષ્ટિની દૃષ્ટિએ વર્તમાન વણસેલી પરિસ્થિતિમાંથી સારી પરિસ્થિતિ થવા લાગે એ શેખચલ્લીના વિચારો જેવી બાબત નથી. આ માટે અનુભવીઓ અને જાણકારોએ બીક રાખવી ન ઘટે કે માર્ગદર્શન આપવાથી પોતાની કિંમત ઘટશે કે પોતાનું સ્થાન જશે. જેમ દીકરો બાપથી સવાયો થાય તો બાપ તેવા દીકરાનું ગૌરવ લે અને તેણે લેવું જ જોઇએ, તેમ શીખવનાર કરતાં શીખનાર સવાયો થાય તો તે અંગે શીખવનારે ગૌરવ લેવું જોઇએ. વળી, આવા જાણકારે પોતાની જાણકારીનું પુસ્તક પણ લખી શકે જેથી અનેકને તે જ્ઞાન, માર્ગદર્શન વગેરેનો લાભ મળે.

તેવી જ રીતે ઊગતી પેઢીના લોકોએ પણ પોતાનાં ક્ષેત્રમાં પ્રવેશ મળે એટલે અનુભવીઓ અને જાણકારો પાસેથી નમ્ર શિષ્યભાવ રાખીને જ્ઞાન, કૌશલ્ય, જાણકારી વગેરે મેળવવામાં અંશમાત્ર નાનમ ન જ અનુભવવી ઘટે. આ નમ્રતા અને ઋણભાવ કાયમી રહેવાં ઘટે. તદ્દન આપમેળે જાણકારી પ્રાપ્ત કરનાર વિરલ હોય છે. એકલવ્ય અર્જુનને ઝાંખો પાડી દે એવી બાણવિદ્યા આપમેળે જરૂર શીખ્યો, તો પણ તેનામાં ગુરુ પ્રત્યે અસીમ શ્રદ્ધા અને અપાર પરિશ્રમ તથા લગની હતાં એ ન જ ભૂલવું ઘટે. પોતે સમાજને કંઇક નથી આપ્યું એવું જીવન વ્યક્તિને પોતાની સાર્થકતાના અભાવનું ભાન કરાવે છે, ખાલીપાની લાગણીનો અનુભવ કરાવે છે. આ પ્રકારનાં વ્યથા અને ખિન્નતા તન અને મનનાં સ્વાસ્થ્યમાં ગરબડ કરે છે. સમાજ પ્રત્યેનું યોગદાન એટલે પોતાનાં કાર્યક્ષેત્રની જાણકારી પ્રાપ્ત કરવી અને તદનુરૂપ પ્રામાણિકપણે ઉદ્યમ કરતાં રહેવું. વળતર માટે કામ કર્યું તેથી યોગદાન ન ગણાય એમ વ્યક્તિ માનવા તૈયાર થાય; પરંતુ માણસ માત્ર વળતર લેનાર પ્રાણી નથી, તેનામાં ચૈતન્ય છે, આદર્શોનાં અરમાનો હોય છે, કંઇક વિશિષ્ટ કરવાની ધગશ હોય છે, તેને અંતરાત્મા હોય છે-તેનું આ મનુષ્યત્વ વળતરથી પર હોય છે. જે માણસ પોતાના અંતરાત્માના અવાજને સાંભળીને કામ કરે છે તેની કિંમત વળતરમાં આંકી શકાતી નથી-આ બને છે વ્યક્તિનું યોગદાન.

છેલ્લે, જૂના અનુભવી કાર્યકારો, જાણકારો, અમલદારો, ડિરેક્ટરો, સલાહકારો જુદા જુદા પ્રકારના નેતાઓ વગેરે લોકોએ 'common Good-સામાન્ય શુભ' માટે યુવાનોને ક્ષેત્ર પ્રમાણે મોટાં મનથી માર્ગદર્શન આપવામાં ગૌરવ અને આનંદ અનુભવવાં જોઇએ. સૌ કોઇ ઉચિત અર્થમાં પ્રગતિ કરે તે માટે યથામતિ અને યથાશક્તિ યોગદાન આપવું એ માનવજીવનનો અનન્ય લહાવો છે. આ પવિત્ર અને ઉમદા કાર્યની કોઇ કદર નહિ કરે તો ભગવાન ( વિશ્વની પરમ સત્તા) અવશ્ય કદર કરશે અને જે કદર અનન્ય જ હોય એવી શ્રદ્ધા રાખવી સર્વથા હિતાવહ છે. આ સત્યની પ્રતીતિ સાથે જીવનનાં દરેક ક્ષેત્રમાં મોટેરાઓ નાનેરાઓને પોતાના ગણીને પોતાની જાણકારી, આવડત, કૌશલ્ય વગેરેનો પ્રેમથી લાભ આપે તો આજે સમાજમાં જે કાગારોળ, દેકારો અને હોબાળો મચતાં રહે છે તે શમવા પામે અને સમગ્ર જીવનવ્યવહાર કોઇ સારા લેખકે સ્વપ્નદૃષ્ટા તરીકે પોતાની નવલકથામાં વ્યક્ત કર્યો હોય તે આ ધરતી પર સાકાર બનવા પામે. આપણે સૌ 'Common Good-સામાન્ય શુભ' માટે, સૌ કોઇની ઉચિત સુખાકારી માટે નિઃસ્વાર્થભાવે અને સહૃદયતાથી 'કંઇક' અચૂક કરતા રહીએ તો આપણો બહારથી રૂડોરૂપાળો લાગતો પણ અંદરથી છિન્ન-ભિન્ન, કદરૂપો અને દરિદ્ર જીવનવ્યવહાર યોગ્ય અર્થમાં સુંદર અને સમૃદ્ધ બનતો રહેશે. અલબત્ત લોભામણાં ઇંદ્રિયસુખોની મોહજાળમાં વીસરાઇ ગયેલાં આ સત્ય માટે સૌ કોઇએ કમર કસવાની અવશ્ય રહે છે.

□□□

## શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ
## તથા
## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે
## એક વિશિષ્ટ વર્કશોપ

અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે નવયુવાનો માટે શનિવાર તથા રવિવાર, તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૪નો રોજ નીચેના વિષય ઉપર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. એનું સંચાલન તે વિષયની નિષ્ણાત વ્યક્તિઓ કરશે.

વિષય : PERSONAL GROWTH AND LEADERSHIP DEVELOPMENT

નોંધ : (૧) આ વર્કશોપની કાર્યવાહી અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) વર્કશોપ શનિવારે સવારના ૯-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી તથા રવિવારે સાવારના ૧૦-૦૦ વાગ્યાથી ૧-૦૦ વાગ્યા સુધી રહેશે.

(૩) શનિવારે બપોરનું ભોજન આયોજકો તરફથી આપવામાં આવશે.

(૪) યોગ્યતા : ભાગ લેનાર વ્યક્તિ ઓછામાં ઓછી ગ્રેજ્યુએટ હોવી જોઇએ.

(૫) ભાગ લેનાર વ્યક્તિએ સંઘના કાર્યાલયમાં રજિસ્ટ્રેશન ફી તરીકે રૂ. ૧૦૦/- ભરવાના રહેશે. બાકીનો તમામ ખર્ચ સ્મારકનિધિ ભોગવશે.

(૬) ભાગ લેનાર વ્યક્તિએ દરેક ચીટીમાં પોતાનો લેખિત પરિચય આપવાનો રહેશે અને તે પછી તેની જો પસંદગી થશે તો જ તે વર્કશોપમાં ભાગ લઈ શકશે. તે અંગે સંઘના કાર્યાલયનો સંપર્ક કરવો.

(૭) વર્કશોપનું સ્થળ નક્કી થયે તથા તેના કાર્યક્રમની વિગતો નક્કી થયે ભાગ લેનારાઓને તેની જાણ વ્યક્તિગત રીતે કરવામાં આવશે.

| | |
|---|---|
| નિરુબહેન એસ. શાહ | રમણલાલ ચી. શાહ |
| પ્રવીણચંદ્ર કે. શાહ | સૂર્યકાંત છો. પરીખ |
| માનદ્ મંત્રીઓ | મેનેજિંગ ટ્રસ્ટીઓ |

પ્રદીપ એ. જે. શાહ
સંયોજક

# વેદાન્ત અને વિશ્વચેતના

❑ પૂર્ણિમા પકવાસા

આ વિષય જેટલો ગહન છે, તેટલો જ વિશાળ છે. અને સમજવા ચાહે તેઓને સમજાય તેવો પણ છે. 'વેદાન્ત' જેવા ભારે શબ્દથી ગભરાઈ જવાનું નથી. પરંતુ આદિકાળથી ચાલતા આવેલા અને જનસાધારણમાં સન્માન્ય તેવા વેદાન્તસાહિત્યને જાણવા અને સમજવા પૂરી કોશિશ કરવાથી આપણા દેશના સમૃદ્ધ વિજ્ઞાન-સાહિત્યનો પરિચય થશે, તેમ જ તેમાં આપેલા જીવનને ઉન્નતિ તરફ અગ્રેસર કરનાર વિચારોને આત્મસાત કરવા તરફ પ્રેરણા મળશે.

એક કોન્ફરન્સ અંગે દિલ્હી જવાનું થયું. મારા દિલ્હી નિવાસ દરમ્યાન જાણવા મળ્યું કે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદજીનાં સ્મરણમાં ૧૯૬૯થી દરવર્ષે દિલ્હીમાં આકાશવાણી તરફથી એક વ્યાખ્યાનમાળાનું આયોજન થાય છે. આ વ્યાખ્યાનમાળામાં અત્યારસુધીમાં દેશનાં ઘણા જ્ઞાની વિદ્વાન વક્તાઓનાં વિવિધ વિષયો પર વ્યાખ્યાનો યોજાઈ ગયાં છે. આ વખતનાં બે વ્યાખ્યાનો તા. ૨૫-૨૬ નવેમ્બર, ૯૩નાં આપણા દેશના પ્રથમ કોટિનાં વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. કરણસિંહના યોજાયા હતા.

ડૉ. કરણસિંહ એટલે કાશ્મીરનાં યુવરાજ. પછી 'સદરે રિયાસત' થયેલા. ૧૯૬૭માં ઈંદિરા ગાંધીનાં રાજ્યકાળમાં તેઓ ૩૬ વર્ષની નાની ઉંમરે કેન્દ્રિય મંત્રીમંડળમાં જોડાયા હતા. ૧૯૭૯માં શિક્ષણ અને સંસ્કૃતિનાં મંત્રી તરીકે તેમણે સેવા આપેલી. આ મંત્રીપદોની અવધિમાં તેઓએ કોઈપણ પ્રકારનું વેતન કે સુવિધા ન લેતા માનદમંત્રી જ રહેલા. મંત્રીશ્રીઓને નિવાસ માટે મળતા બંગલા કે અન્ય સુવિધાઓ પણ તેઓએ લીધી ન હતી. તે પછી અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે તેઓએ સેવા આપેલી. જમ્મુ અને કાશ્મીર વિશ્વવિદ્યાલય તેમ જ બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે તેમણે વર્ષો સુધી સેવા આપેલી. તેઓએ પોતાના અનુભવ અને જ્ઞાનના નિચોડરૂપે કેટલાક પુસ્તકો તેમજ કાવ્યો પ્રગટ કર્યાં છે. તેઓ છટાદાર હિંદી તથા અંગ્રેજી બોલી શકે છે. તદ્ઉપરાંત પંજાબી, ઉર્દૂ અને ડોગરા ભાષાના પણ સારા જાણકાર છે. તેઓ સંસ્કૃત ભાષા પણ સરસ જાણે છે. તેઓને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું વિસ્તૃત જ્ઞાન છે. તેઓ ભારતના એક ઉત્કૃષ્ટ કોટિના ચિંતક મનાય છે. પરદેશમાં પણ તેઓની ખ્યાતિ ખૂબ વિસ્તરેલી છે. તેઓ સાદા સીધા, સરળ, નિરાડંબરી, સૌમ્ય, હસમુખા અને પ્રસન્ન વ્યક્તિત્વવાળા છે. તેમની વાણીમાં પ્રાસાદિકતા હોય છે. આવા ડૉ. કરણસિંહના બે વ્યાખ્યાનો સાંભળવાની તક મળી તેથી ઘણો આનંદ થયો. ભારતીય સંસ્કૃતિનો તેમને ગહન અને વિસ્તૃત અભ્યાસ હોવાથી તેમના વ્યાખ્યાનો ઘણા મનનીય રહે છે. તેમના વ્યાખ્યાનનો વિષય 'વેદાન્ત અને વિશ્વચેતના' પણ ખૂબ સરસ અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હતો.

ભારતીય સંસ્કૃતિમાં સંકીર્ણતા ક્યારેય પ્રવેશ કરી શકતી નથી. વિશ્વ તો શું પરંતુ પૂરા બ્રહ્માંડની સાથે તેનો સંબંધ રહે છે. પરંતુ તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં આપણી પ્રાચીનકાળથી ચાલી આવતી ઉપયોગી અને જરૂરી એવી માન્યતાઓ તૂટી રહી છે અને નવી માન્યતાઓનો જન્મ નથી થતો. ખરી રીતે તો જૂની માન્યતાઓમાંથી કેટલીક તૂટવા જેવી તૂટવી પણ જોઈએ જ. અને તો જ નવી તાજી માન્યતાઓને માટે જગા થઈ શકે. જે માન્યતાઓ તૂટે છે, તેની અસલી બુનિયાદ સાબૂત રહેવી જોઈએ કારણ કે જો તળીયું મજબૂત હોય તો તેના પર દેશકાળને તેમજ પ્રાચીન સંસ્કૃતિને અનુરૂપ સંવાદિતામય એક એવી સંસ્કૃતિ નિર્માણ થઈ શકે છે કે જેમાં સારી સારી દરેક જીવનોપયોગી ચીજોનો સમાવેશ થઈ શકે છે. આનું નામ પુરાણાનો નાશ, અને નવાનો જન્મ કહી શકાય. 'નવાં કલેવર ધરો હંસલા' પરંતુ તે જન્મ નથી થતો તે ઘણા શોકની વાત છે. આનો જાણે સર્વવિનાશનુ શીતયુદ્ધ ચાલી રહ્યું છે. તેમ લાગે છે. વિશ્વીકરણ થઈ રહ્યું છે, પરંતુ વિશ્વચેતના ઉભરાતી નથી.

અમાનવીય (દૈવી)વેદો આદિકાળથી ચાલ્યા આવે છે. તેમાંથી ઉપનિષદો નિર્માણ થયાં. એટલે એમ કહી શકાય કે વેદો જો હિમાયલ પર્વત સમાન છે, તો ઉપનિષદો તેના નાના મોટા શિખરો છે. જેમાંથી ઘણું ઘણું ગ્રહણ કરવાની તેઓ સદા પ્રેરણા આપતા રહે છે. વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જાય છે, તેમ તેમ વેદાન્તની વાતો અને તેમાં રહેલાં સત્યો અધિક મહત્વપૂર્ણ બનતા જાય છે. 'કુમારસંભવમાં' હિમાલયનું વર્ણન છે. તે અદ્વિતીય છે. અને હિમાલયની આ શોભા સદા અદ્વિતિય જ રહેવાની છે.

વેદોમાં પાંચ પ્રમુખ વિચારધારાઓ સમાયેલી છે, જે વિશ્વચેતનાનો આધાર બની શકે છે.

(૧) ઈશાવાસ્ય ઉપનિષદ બતાવે છે કે સમસ્ત બ્રહ્માંડ એક જ શક્તિમાં ઓતપ્રોત છે. માત્ર પૃથ્વીપર જ નહીં, પરંતુ અનંત બ્રહ્માંડમાં તે શક્તિ વ્યાપ્ત છે અને તે શક્તિથી જ અનંત બ્રહ્માંડ પ્રકાશમાન છે. વિજ્ઞાન તેનું જ સંશોધન કરી રહેલ છે, કે એ કઈ શક્તિ છે ? જેનો કોઈ તાગ નથી મળી શકતો ! જો એ શક્તિની પરિભાષા મળી જાય તો તે પર આગળ સંશોધન થઈ શકે અને જો સમસ્ત બ્રહ્માંડમાં એ એક જ સત્ય વ્યાપ્ત છે. તો સમસ્ત માનવજાતમાં પણ તે જ શક્તિ અંતર્નિહિત રહેલી છે તે નક્કી થાય છે. આપણા સૌના હૃદયમાં પણ તે જ શક્તિ વિરાજમાન છે તેની પ્રતીતિ થઈ જાય.

(૨) આપણે તો 'અમૃતસ્ય પુત્રાઃ' છીએ. આપણે કંઈ દુષ્ટપુત્રો નથી, પરંતુ અમૃતપુત્રો છીએ. આવો વિચાર માત્ર કરવાથી આપણી સંકીર્ણતા નષ્ટ થવા માંડે છે. જો સંકીર્ણતાનો નાશ થાય તો પછી શોક ક્યાં ? મોહ ક્યાં ? દુઃખ ક્યાં રહે છે ? શોક મોહ અને દુઃખ આદિ તત્ત્વો સંકીર્ણતા સાથે જોડાયેલા છે. તરંતુ વિશાળ ચેતના સાથે તો વિશાળતા જ સદા જોડાયેલી રહે છે. આ વિશાળતાનું એકત્વ જેમ અંદરનું છે, તેવી જ રીતે બહારનું પણ છે, બહારની દુનિયામાં રહેલા સર્વ જીવો, સર્વ વસ્તુઓ સાથે એકતા સધાય તો કેવી સરસ એકતાનો અનુભવ થઈ શકે ? આ એકતાનો વિચાર જ આપણને પરમ એકતા સુધી પહોંચાડવામાં સાધન બની શકે છે. અને અહીંથી જ પરમ સુધી પહોંચવા માટેનું પ્રથમ પગલું ભરી શકાય.

(૩) આ અંદર અને બહારનું જે એકત્વ છે તે જ સમસ્ત વેદાંતનો સાર છે. જે આપણો ધર્મ બની જાય છે. જેથી કરી વ્યક્તિ સાથે આપણને સારો પ્રેમાળ વ્યવહાર કરવાનું ગમે છે. કારણકે દરેક વ્યક્તિમાં આપણે જ રહેલા છીએ ને ? વેદાન્તનાં નિયમ પ્રમાણે જો દરેક વ્યક્તિમાં ઈશ્વરનો નિવાસ છે, તો તો પછી સમસ્ત માનવજાતિ એક જ પરિવાર છે, તેની આપણને પ્રતિતી થવી જોઈએ. 'મારું તારું' એ તો લઘુ ચેતના છે, કનિષ્ટ ચેતના છે, માત્ર સંકીર્ણ મર્યાદિત ચેતના છે, પરંતુ વેદાન્તની ઉદાર વિચારધારામાં તો 'વસુધૈવ કુટુંમ્બકમ્' નો વિચાર મુખ્ય રહેલો છે. આવો સુંદર, ઉદાર અને વિશ્વએકતાનો વિચાર જ્યારે આપણી સંસ્કૃતિના

પાયામાં છે, તે છતાં આપણે કેવા સંકુચિત અને દીનહીન દરિદ્ર વિચારધારામાં ફસેલા રહીએ છીએ ? નાતજાતના વર્ણ, ધર્મ આદિ ભેદભાવના શિકાર બની ગયાં છીએ ? વળી આજકાલ તો નાત જાત વર્ણ ભાષા, ધર્મ પક્ષની અને વિચારની દિવાલો બની રહી છે અને તે દિવાલો વધતી જાય છે, મજબૂત બનતી જાય છે. આ કેટલું દુ:ખદાયક છે ? આપણે તો રાષ્ટ્રીયતાથી પણ ઉપર ઉઠીને વિશ્વ એકતા સુધી જવાનું છે. ભવાની ભારતીથી આગળ વધીને સમસ્ત વસુંધરાની પૂજા કરવાની છે. માત્ર મારો સીમાડો જ સારો અને પવિત્ર, બીજાનો નહીં, તેવો વિચાર હવે ચાલી શકે નહીં. આવી સંકુચિતતાથી તો આપણે સમસ્ત માનવજાતને વિનાશના માર્ગે જ ધકેલી દઈશું.

જ્યારે વિશ્વમાં લાખો લોકો ભૂખથી મરી રહ્યા છે, તેવા સમયમાં અબજો રૂપિયા બૉંબ અને વિનાશક શસ્ત્રો બનાવવામાં ખર્ચાઈ રહેલા છે. આખાય વિશ્વને ભસ્મસાત કરવાના સાધનો વધારવામાં લોકો લાગી પડેલા છે. આ બધી અધમતાથી બચવું હશે તો 'વસુધૈવ કુટુંબકમ'નો વિચાર જ ખપમાં આવશે.

(૪) વેદાન્ત કહે છે કે સત્ય એક છે, પરંતુ તેને પ્રગટ કરવાના રસ્તાઓ અલગ અલગ છે. આખરે તો તે બધા રસ્તાઓનું અંતિમ બિન્દુ એક જ છે. ત્યાં જ બધાએ પહોંચવાનું છે. વાસ્તવમાં પેલી દિવ્યશક્તિ છે તે વહેલીમોડી સ્વયં પ્રગટ થવાની જ છે. સ્વામી વિવેકાનંદે જે ધર્મની આહલેક જગાવી છે, તેના પ્રતિધ્વનિ આજ પણ આપણને સંભળાઈ રહ્યાં છે. તેમાંથી જોરદાર પડઘા પડે છે. એ જે ધ્વનિ સંભળાય છે, તેમાંથી એ સંદેશો મળે છે કે અલગ અલગ રસ્તેથી આપણું લક્ષ્ય, આપણું મિલનસ્થાન એક જ છે. 'અંતતોગત્વા' એક જ બિંદુપર આપણે પહોંચવાનું છે.

વિશ્વમાં ધર્મના નામ પર જેટલી નિર્મમ હત્યાઓ થઈ છે તેટલી મોટી સંખ્યામાં બીજા કોઈ કારણથી હત્યાઓ નથી થઈ. ધર્મના નામની કેવી મોટી વિડંબના ! નામ ધર્મનું, કે જેમાં અહિંસાનો વિચાર પ્રમુખ પણે હોય છે, તે જ ધર્મના નામપર આટલી મોટી ખૂનામરકી ? હત્યાઓ, લોહીની નદીઓ વહાવવી આદિ બની રહ્યું હોય તો સત્વર જાગી જવું જરૂરી છે અને તે કહેવાતા ધર્મમાં ક્યા શું ખૂટે છે, તે શોધી કાઢવું જોઈએ. ભગવાનના નામ પર બીજા પર અત્યાચાર કેવી રીતે થઈ શકે? વેદાંતના ખાસ સાર ઉપર ધ્યાન આપવું ઘટે કે બીજા ધર્મોનો, બીજા સંપ્રદાયોનો અને બીજા વિચારોનો પણ આદર કરી આખરે બધામાં એ જ પ્રભુનો નિવાસ છે ને ?

(૫) માનવજાતિ અને સમસ્ત વિશ્વના કલ્યાણની વાત છે. 'બહુજન હિતાય બહુજન સુખાય' એ આપણી સંસ્કૃતિનું એક આગવું સૂત્ર છે. આપણી રોજંદી પ્રાર્થનામાં 'સર્વેપિ સુખીન: સંતુ, સર્વે સંતુ નિરામયા' અર્થાત્ માત્ર સ્વયં આપણા એકલાના જ સુખની વાત નથી, માનવજાતિ જ માત્ર નહીં, પરંતુ સર્વે જીવોના કલ્યાણની વાત કરવામાં આવી છે. આપણી ચેતના ખૂબ વિશાળ બનાવવાની વાત છે. જેથી આપણું તો કલ્યાણ સધાય જ, સાથે સાથે જગતનું પણ ભલું થાય. આ 'જગહિતાય' પર જે રીતે ધ્યાન અપાવું જોઈએ તે રીતે ધ્યાન નથી અપાતું જે ઘણાખરા દુ:ખોનું કારણ બને છે.

સામુહિક રીતે આ પાંચ વિચારો અપનાવીએ તો જીવન સરસ બની શકે. આપણા દેશના વિવિધ દર્શનોનાં વિચારો તો ઉત્તમોત્તમ છે, પરંતુ ખરેખર વ્યવહારમાં તે ઉત્તમ વિચારોનો અમલ નથી થતો, તે મોટા દુખની વાત છે. શું કારણ છે ? દેશ કેમ આટલો પાછળ પડી ગયો ? જાપાન જૂઓ; જર્મની જૂઓ, ખૂનખાર યુદ્ધ પછી બરબાદ થઈ ગયેલા લોકોએ દેશને કેવા ઉપર ઉઠાવી લીધા છે ? આજે વિશ્વમાં તેઓએ નામ કાઢ્યું છે. કારણ ? તે કર્મઠ લોકો પુન: નિર્માણનાં કામમાં તનમન અને ધનથી લાગી ગયા છે. દેશના વિકાસને પ્રાથમિકતા આપીને જ આવો ચમત્કાર સર્જી શકાય છે. પ્રખર દેશપ્રેમ, અનુકરણીય શિસ્ત, અને અથાક પરિશ્રમ હોય તો શું ન બની શકે, તેના જીવંત ઉદાહરણનું તેઓએ જગતને દર્શન કરાવ્યું છે.

આપણી શિક્ષાપધ્ધતિમાં વેદાન્તની વિચારધારાને ખાસ સ્થાન અપાવવું જોઈએ. કારણ કે વેદાંત વિચાર સંપ્રદાયાતીત છે, ધર્માતીત છે. જેની આજે તાતી જરૂર છે. તે પ્રમાણેનું જીવન, અને તે પ્રમાણેની રહેણીકરણી આદિને દેશમાં પુન:સ્થાપિત કરવી પડશે. ભારત એક એવો દેશ છે કે જે પ્રાચીન પરંપરાથી સંસ્કૃતિનાં ઉન્નત અને સુદૃઢ પાયાપર રચાયેલો છે. જેથી તેનામાં વિશ્વના ગુરુ બની શકવાની પૂર્ણ ક્ષમતા છે. પરંતુ વર્તમાન ભારતનું દર્શન તદ્દન વિપરિત છે, નિરાશાજનક છે. તે વિપરિત દર્શનને જો પલટાવી દેવુ હશે તો કેવળ વિચાર, મનન, ચિંતન નહીં ચાલે. પરંતુ પ્રચંડ કર્મયોગ આદરવો પડશે. અને ઉપનિષદરૂપી ધનુષ્યને ઉઠાવીને તેમાં આત્મારૂપી તીરનું સંધાન કરીએ. એકાગ્રચિત્ત થઈને ધનુર્ધારી અર્જુનની જેમ તીરનું અનુસંધાન કરીએ.

'પાર્થને કહો ચઢાવે બાણ, હવે તો યુધ્ધ એ જ કલ્યાણ.'

ધરી ગાંડીવ ટંકાર સાર્થ કરેલો પાર્થનો ધનુષ્ય પ્રયોગ કદાપિ ખાલી ન જાય તેવો દૃઢ વિશ્વાસ સાથે સાધના કરીએ અને સર્વકલ્યાણ માટે આપણા વેદાન્ત વિજ્ઞાનનો વિશ્વમાં પ્રચાર કરીએ, તે જ મહાકલ્યાણનો માર્ગ બનશે.

❑❑❑

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
## વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, તા. ૧૮-૧-૯૪ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ૧૯૯૧-૯૨ તથા ૧૯૯૨-૯૩ના વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૨) ૧૯૯૩-૧૯૯૪ના વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.
(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.
(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણુંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૩-૧-૯૪થી તા. ૧૦-૧-૯૪ સુધીના દિવસોમાં બપોરના ૧થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
## તા. ૩૧મી માર્ચ, ૧૯૯૩ના દિવસનું સરવૈયુ

| ૧૯૯૨ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **રીઝર્વ ફંડ** | | |
| ૧૫૧૫૯૪૩-૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫૨૮૯૫૫-૧૮ | |
| ૧૦૦૧૨-૦૦ | ઉમેરો : આજીવન સભ્યોના લવાજમના વસુલ (નેટ) | ૮૨૫૪-૦૦ | |
| ૩૦૦૦-૦૦ | પેટ્રન સભ્યોના લવાજમના | | |
| ૧૫૨૮૯૫૫-૧૮ | | | ૧૫૩૭૨૦૯-૧૮ |
| | **અન્ય ફંડ :** | | |
| ૧૪૫૪૯૪૯-૧૦ | પરિશિષ્ઠ અ પ્રમાણે | | ૧૪૧૧૧૭૬-૮૦ |
| | **દેવું :** | | |
| ૬૦૯૨૪-૧૪ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૭૬૧૧૬-૫૪ | |
| ૫૦૮૮૨૦-૦૦ | પરચુરણ દેવું | ૬૦૨૪૫૭-૦૦ | |
| ૫૬૯૭૪૪-૧૪ | | | ૬૭૮૫૭૩-૫૪ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| ૯૭૨૪૯-૧૩ | ગયા સરવૈયા મુજબ | ૧૧૪૪૯૨-૭૭ | |
| ૧૭૨૪૩-૬૪ | વર્ષ દરમિયાન આવકનો વધારો | ૭૮૧૯૦-૧૩ | |
| ૧૧૪૪૯૨-૭૭ | | | ૧૯૨૬૮૨-૯૦ |
| ૩૬૬૮૧૪૧-૧૯ | | | ૩૮૧૯૬૪૨-૪૨ |

| ૧૯૯૨ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| | **બ્લોક (કરાર મુજબ)** | | |
| | રસધારા કો.ઓ.હા. સો. લિ. | | |
| ૫૧૨૩૦-૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧૨૩૦-૪૦ |
| | **ઈન્વેસ્ટમેન્ટ ચોપડા પ્રમાણે** | | |
| | **પરિશિષ્ટ (b) પ્રમાણે** | | |
| ૨૨૫૦૦-૦૦ | શેરો તથા ડિબેન્ચર્સ | ૫૦૦-૦૦ | |
| ૨૦૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ. યુનિટો | ૨૦૨૦૦૦-૦૦ | |
| ૨૩૮૫૦૦૦-૦૦ | ગર્વ. કું.માં ડિપોઝીટ | ૨૫૪૫૦૦૦-૦૦ | |
| ૬૩૫૦૦૦-૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૬૩૫૦૦૦-૦૦ | |
| ૩૨૪૪૫૦૦-૦૦ | | | ૩૩૮૨૫૦૦-૦૦ |
| | **ફર્નિચર અને ફિક્ષર (ચોપડાં પ્રમાણે)** | | |
| ૩૧૩૪૧-૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૧-૨૪ | |
| ૧૫૪૧૧-૨૪ | બાદ : ઘસારાના ૧૯૯૧ સુધી | ૧૭૦૦૪-૨૪ | |
| ૧૫૯૩-૦૦ | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% | ૧૪૩૩-૦૦ | |
| ૧૪૩૩૭-૦૦ | | | ૧૨૯૦૪-૦૦ |
| | **ડિપોઝીટ** | | |
| ૧૨૫-૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫-૦૦ | |
| ૧૩૨૫-૦૦ | બી.ઈ.એસ.ટી. | ૧૩૨૫-૦૦ | |
| ૩૬૦-૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦-૦૦ | |
| ૧૧૦૦-૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧૧૦૦-૦૦ | |
| ૨૯૧૦-૦૦ | | | ૨૯૧૦-૦૦ |
| | **લેણું સધ્ધર** | | |
| ૬૦૩૯૫-૫૨ | શ્રી એમ.એમ. શાહ લાઈબ્રેરી | ૭૬૩૯૧-૫૨ | |
| ૭૨૭૫-૦૦ | ઈન્કમટેક્ષ રિફંડ | ૨૧૬૪૭-૦૦ | |
| ૭૯૪૨૯-૭૯ | ડિબેન્ચરો-ડિપોઝીટ પર ચડેલ વ્યાજના | ૯૩૬૧૦-૩૪ | |
| ૫૦૮૦૮-૮૮ | સ્ટાફ પાસે અને અન્ય | ૧૧૨૧૭૪-૮૮ | |
| ૧૯૭૯૦૯-૧૯ | | | ૩૦૩૮૨૩-૭૪ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૯૩૮૬-૬૩ | બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતે | ૨૧૫૬૪-૫૩ | |
| ૧૪૬૯૬૨-૦૭ | બેંક ઓફ ઈન્ડિયા બચત ખાતે | ૪૪૫૬૫-૫૧ | |
| ૯૦૫-૯૦ | રોકડ પુરાંત | ૧૪૪-૨૪ | |
| ૧૫૭,૨૫૪-૬૦ | | | ૬૬૨૭૪-૨૮ |
| ૩૬૬૮૧૪૧-૧૯ | | | ૩૮૧૯૬૪૨-૪૨ |

**ઓડીટરોનો રીપોર્ટ :**

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૩-૯૩ના દિવસનું ઉપરનું સરવૈયુ મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારું ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૧૧-૧૦-૯૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧-૩-૯૩ના દિવસના સરવૈયામાં બતાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓનું વિગત દર્શાવતું પરિશિષ્ઠ

પરિશિષ્ઠ **ૹ**

| ટ્રસ્ટ ફંડો | ૩૧-૩-૯૨ના | વર્ષ દરમિયાન ભેટ | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલા આવક જાવકમાં | ૩૧-૩-૯૩ના રોજ |
|---|---|---|---|---|---|---|
| ૧ મકાન ફંડ | ૪૧૮૪-૬૯ | | | | | ૪૧૮૪-૬૯ |
| ૨ પુસ્તક પ્રકાશન ખાતું | (ઉધાર) ૫,૩૬૦-૯૧ | ૧૮૭૫-૦૦ | | ૨૦૫-૫૦ | | (ઉધાર) ૩૬૯૧-૪૧ |
| ૩ પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦-૦૦ | | | | | ૨૦૦૦-૦૦ |
| ૪ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ ખાતું | ૩૦૦૦૦૦-૦૦ | ૫૦૦૦૦-૦૦ | | | | ૩૫૦૦૦૦-૦૦ |
| ૫ ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૧૧૦૦૦-૦૦ | | | | | ૧૧૦૦૦-૦૦ |
| ૬ શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર | ૭૭૫૦૬-૪૯ | | | | | ૭૭૫૦૬-૪૯ |
| ૭ મહાવીર વંદના સ્નેહ મિલન | ૧૫૦૦૦૦-૦૦ | | | | | ૧૫૦૦૦૦-૦૦ |
| ૮ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા : અનાજ રાહત ફંડ | ૯૯૨૪૬-૦૦ | | | | | ૯૯૨૪૬-૦૦ |
| ૯ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ | ૧૫૦૦૦-૦૦ | | | ૧૫૦૦૦-૦૦ (પાછા આપ્યા) | | ૦૦-૦૦ |
| ૧૦ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા | ૫૧૦૦૦-૦૦ | | | | | ૫૧૦૦૦-૦૦ |
| ૧૧ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી યોજના ફંડ | ,૧૦૫૦૦૦-૦૦ | | | | | ૧૦૫૦૦૦-૦૦ |
| ૧૨ શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૫૧૦૦૦-૦૦ | | | | | ૧ ૫૧૦૦૦-૦૦ |
| ૧૩ શ્રીમતી ભાનુબહેન પ્રવીણચંદ શાહ નેત્રયજ્ઞ કાયમી ફંડ | | ૧૦૦૦૦૦-૦૦ | | | | ૧૦૦૦૦૦-૦૦ |
| કુલ રકમ | ૯૬૦૫૭૬-૨૭ | ૧૫૧૮૭૫-૦૦ | | ૧૫૨૦૫-૫૦ | | ૧૦ ૯૭૨૪૫-૭૭ |
| **ખાતાઓ** | | | | | | |
| ૧ મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૪૫ ૦૦૦-૦૦ | | | ૫૬૮૦-૫૦ | | ૪૦૩૨૬-૪૦ |
| મંગળજી ઝવેરચંદ મહેતા આવક-જાવક | ૧૦૦૬-૯૦ | | | | | |
| ૨ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા પ્રેમળજ્યોતિ ખાતું: | ૩૩૩૪૮૩-૯૬ | ૪૬૬૧૯-૦૦ | | ૨૧૯૦૮૦-૨૦ | | ૧૬૧૦૨૨-૭૬ |
| ૩ શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ ખાતું | ૬૦૭૭૬-૬૨ | ૭૮૯૧-૦૦ | ૬૦૭૮-૦૦ | ૬૫૩૨૯-૫૦ | | ૯૪૧૬-૧૨ |
| ૪ શ્રી સરસ્વતી ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માઘર | ૩૨૯૧૩-૫૦ | ૫૦૦-૦૦ | | ૩૮૧૫-૦૦ | | ૨૯૫૯૮-૫૦ |
| ૫ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પા. આવક-જાવક | ૩૫૦૦-૦૦ | | | | ૩૫૦૦-૦૦ | ૦૦-૦૦ |
| ૬ શ્રી ધીરજબેન દીપચંદ રમકડાંઘર આવક-જાવક | ૫૮૭૮-૯૫ | ૮૨૯૮-૦૦ | ૭૭૫૧-૦૦ | ૧૧૪૫૬-૫૦ | | ૧૦૪૭૧-૪૫ |
| ૭ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત આવક-જાવક | ૧૧૯૮૯-૯૦ | ૩૩૩૦૦-૦૦ | ૯૯૨૫-૦૦ | ૩૫૩૨૮-૦૦ | | ૧૯૮૬૩-૯૦ |
| ૮ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા સ્નેહસંમેલન આ.જા. | ૦૦-૦૦ | | ૧૫૦૦૦-૦૦ | ૧૫૦૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૯ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | ૧૦૧-૦૦ | ૩૦,૦૦-૦૦ | ૩૦૧૦૧-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૦ શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ પારિતોષિક આવક-જાવક | ૧૫૦-૦૦ | | ૧૧૦૦-૦૦ | | | ૯૫૦-૦૦ |
| ૧૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | | ૫૧૦૦-૦૦ | ૫૧૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૨ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડ આવક-જાવક | ૧૭૩-૦૦ | ૨૪૫૦૦-૦૦ | ૧૦૫૦૦-૦૦ | ૧૨૮૯૧-૧૦ | | ૨૨૨૮૧-૯૦ |
| ૧૩ શ્રી નેત્રયજ્ઞ આવક-જાવક ખાતું | ૦૦-૦૦ | | ૨૦૧૦૦-૦૦ | | | ૨૦૧૦૦-૦૦ |
| | ૪૯૪૩૭૨-૮૩ | ૧૨૧૨૮૬-૦૦ | ૧૦૫૫૫૪-૦૦ | ૪૦૩૭૮૧-૮૦ | ૩૫૦૦-૦૦ | ૩૧૩૯૩૧-૦૩ |
| કુલ | ૧૪૫૪૯૪૯-૧૦ | ૨૭૩૧૬૧-૦૦ | ૧૦૫૫૫૪-૦૦ | ૪૧૮૯૮૭-૩૦ | ૩૫૦૦-૦૦ | ૧૪૧૧૧૭૬-૮૦ |

### તા. ૩૧-૩-૯૩ના રોજ ઇન્વેસ્ટમેન્ટ પરિશિષ્ટ (b)

| ૧૯૯૨ | વિગત | | |
|---|---|---|---|
| | (૧) શેરો અને ડિબેન્ચરો | | |
| ૫૦૦-૦૦ | રસધારા કો.ઓ.હા.સો. લિ. શેર-૧૦ | | ૫૦૦-૦૦ |
| ૫૦૦-૦૦ | | | |
| ૪૦૦૦-૦૦ | તાતા ઓઇલ કું. લિ. ડિબેન્ચરો | | |
| ૧૫૦૦૦-૦૦ | બોમ્બે ડાઇંગ એન્ડ મેન્યુ. કું. લિ. | | |
| ૩૦૦૦-૦૦ | વોલ્ટાસ લિ. | | |
| ૨૨૦૦૦-૦૦ | | | |
| ૨૦૨૦૦૦-૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઇ.ના યુનિટો | | ૨૦૨૦૦૦-૦૦ |
| | (૩) ગર્વ. કું. ફિક્સ ડિપોઝીટ | | |
| ૩૪૦૦૦૦-૦૦ | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ૩૪૦૦૦૦-૦૦ | |
| ૪૦૦૦૦-૦૦ | રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર | ૦૦-૦૦ | |
| ૬૫૫૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઇ. લિ. | ૬૫૫૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | મદ્રાસ રિફાઇનરી કું. લિ. | ૧૦૦૦૦૦-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | નેયવેલી લેગ્નાઇટ કોર્પોરેશન | ૫૦૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઇ. લિ. | ૧૦૦૦૦૦-૦૦ | |
| ૪૦૦૦૦૦-૦૦ | ઇન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પો. લિ. | ૪૦૦ ૦૦૦-૦૦ | |
| ૭૦૦૦૦૦-૦૦ | હાઉસિંગ ડેવલોપમેન્ટ ફાઇ. કોર્પો. લિ. | ૯૦૦૦૦૦-૦૦ | |
| ૨૩૮૫૦૦૦-૦૦ | | | ૨૫૪૫૦૦૦-૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | | |
| ૨૭૫૦૦૦-૦૦ | બેંક ઓફ ઇન્ડિયા ફિક્સ ડિપોઝીટ | ૨૭૫૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | માંડવી કો.ઓ. બેંક લિ. | ૯૦૦૦૦-૦૦ | |
| ૬૦૦૦૦-૦૦ | શ્રી બોમ્બે મર્કન્ટાઇલ્સ કો.ઓ. બેંક લિ. | ૬૦૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | સારસ્વત કો.ઓ. બેંક લિ. | ૯૦૦૦૦-૦૦ | |
| ૧૨૦૦૦૦-૦૦ | કપોળ કો.ઓ. બેંક લિ. | ૧૨૦૦૦૦-૦૦ | |
| ૬૩૫૦૦૦-૦૦ | | | ૬૩૫૦૦૦-૦૦ |
| ૩૨૪૪૫૦૦-૦૦ | | | ૩૩૮૨૫૦૦-૦૦ |

### તા. ૩૧-૩-૯૨ના રોજ દેવું અને લેણું

| દેવું | | |
|---|---|---|
| ચિખોદરા : હૉસ્પિટલ | ૬૮૮૪૨-૦૦ | |
| નેત્રયજ્ઞના અગાઉથી આવેલા | ૪૨૫૨૦-૦૦ | |
| દરબાર ગોપાલદાસ ટી.બી. હૉસ્પિટલ | ૧૦૦૧-૦૦ | |
| કિડની ફંડ અંગે | ૩૩૩૫૪૮-૦૦ | |
| સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૩૨૭૨-૦૦ | |
| ચિખોદરાની મુલાકાત (ડિપોઝીટ) | ૮૦૦-૦૦ | |
| ખર્ચ અંગે | ૧૫૦૦-૦૦ | |
| શ્રી ભગવાન મહાવીર વચનો પુસ્તક પ્રકાશન અંગે અગાઉથી આવેલા | ૧૦૭૬૧૧-૦૦ | |
| ઠક્કર કેટેરરસ | ૩૮૮૫૦-૦૦ | |
| પ્રવાસ ફંડ | ૪૫૧૩-૦૦ | |
| | | ૬૦૨૪૫૭-૦૦ |
| પ્રોવિડન્ડ ફંડ | | |
| શ્રી એલ.એમ. મહેતા પ્રો. ફંડ | ૫૩૯૬૧-૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ પ્રો. ફંડ | ૬૮૯૩-૯૦ | |
| શ્રી મનસુખભાઇ બી. મહેતા પ્રો. ફંડ | ૬૧૩૬-૮૦ | |
| પ્યુન અશોક પલસમકર પ્રો. ફંડ | ૪૫૮૫-૪૦ | |
| પ્યુન વિજય સાવંત પ્રો. ફંડ | ૪૫૩૯-૨૦ | |
| | | ૭૬૧૧૬-૫૪ |
| લેણું : સ્ટાફ પાસે અને અન્ય | | |
| શ્રી એલ.એમ. મહેતા | ૬૦૮૬૧-૦૦ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૧૧૦૦૦-૦૦ | |
| શ્રી મનસુખલાલ બી. મહેતા | ૧૩૦૦-૦૦ | |
| પ્યુન હરિચંદ એ. નવાળે | ૧૦૩૬૦-૦૦ | |
| પ્યુન અશોક પલસમકર | ૧૧૯૬૦-૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૧૩૬૬૦-૦૦ | |
| અલ્પાહાર | ૩૦૩૩-૮૮ | |
| | | ૧૧૨૧૭૪-૮૮ |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧-૩-૯૩ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૨ | આવક | | |
|---|---|---|---|
| | ભેટના | | |
| ૧૬૯૬૪૭-૦૦ | ચાલુ ભેટના | ૪૦૪૮૬-૦૦ | |
| ૧૦૧-૦૦ | પ્રબુદ્ધ જીવનને | | |
| ૧૬૯૭૪૮-૦૦ | | | ૪૦૪૮૬-૦૦ |
| | લવાજમ | | |
| ૧૯૮૦-૦૦ | વસુલ આવ્યા | ૨૧૪૧-૦૦ | |
| ૫૦૫૫-૦૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૪૫૯૩-૦૦ | |
| ૭૦૩૫-૦૦ | | | ૬૭૩૪-૦૦ |
| | વ્યાજ તથા અન્ય | | |
| ૨૧૦૦-૦૦ | ડિબેન્ચરો અને બોન્ડના | | |
| ૧૧૩૪૨૫-૩૬ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૧૧૬૩૯૩-૫૫ | |
| ૨૭૫૦૭૧-૬૮ | ગવર્મેન્ટ કું.ની ડિપોઝીટ પર | ૩૫૦૦૧૬-૮૯ | |
| ૨૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૩૯૦૦૦-૦૦ | |
| ૧૩૮૦૦-૭૧ | ખાતા પર તથા અન્ય | ૧૨૨૫૨-૦૦ | |
| ૪૨૬૩૯૭-૭૫ | | ૫૧૭૬૬૨-૪૪ | |
| ૯૦૨૪૭-૦૦ | બાદ : અન્ય અંકિત ફંડોને ૧૦% | ૧૦૫૫૫૪-૦૦ | |
| ૩૩૬૧૫૦-૭૫ | | | ૪૧૨૧૦૮-૪૪ |
| | પરચુરણ આવક | | |
| ૭૦૪-૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ | | ૫૦૧-૦૦ |
| ૭૨૫૦-૦૦ | આ. વિજયવલ્લભસૂરિ વ્યાખ્યાનશ્રેણીના | | |
| ૧૯૦-૫૦ | પરિસંવાદ આવકના | | |
| | શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' | | ૩૫૦૦-૦૦ |
| | આવક જાવક | | |
| ૮૧૪૪-૫૦ | | | |
| ૫૨૧૨૭૮-૨૫ | | | ૪૬૩૩૨૯-૪૪ |

| ૧૯૯૨ | વહીવટી અથવા વ્યવસ્થા ખર્ચ | | |
|---|---|---|---|
| ૧૦૨૬૬૫-૫૦ | પગાર, બોનસ તથા ગ્રેચ્યુટી | ૧૦૭૨૫૧-૦૦ | |
| ૧૪૯૭૮-૩૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ ફાળો તથા વ્યાજના | ૧૬૪૭૧-૧૦ | |
| ૩૨૭૯૧-૨૫ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચના | ૧૩૩૦૩-૦૬ | |
| ૩૦૯૧૦-૦૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ | ૩૨૭૧૮-૫૦ | |
| ૧૧૪૮૧-૦૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૦૮૨૩-૦૦ | |
| ૪૩૦૯-૦૦ | ટેલિફોન ખર્ચ | ૪૧૬૫-૦૦ | |
| ૩૦૫૩-૨૫ | પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | ૨૦૯૩-૫૦ | |
| ૩૮૦-૦૦ | પોસ્ટેજ | ૬૦૫-૦૦ | |
| ૩૩૪-૪૦ | બેંક કમિશન | ૪૧૩-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૧૫૦૦-૦૦ | ઑડિટરોને ઓનેરિયમ | ૧૫૦૦-૦૦ | |
| ૧૦૧૩૬-૦૦ | બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ફાળાના | ૩૨૦૮-૦૦ | |
| ૧૫૯૩-૦૦ | ફરનીચર પર ઘસારાના | ૧૪૩૩-૦૦ | |
| ૨૧૪૭૩૧-૭૦ | | | ૧૯૪૪૮૪-૧૬ |
| | ઉદ્દેશો અંગે | | |
| ૨૫૩૮૫-૯૬ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૪૩૫૭૯-૭૫ | |
| ૬૫૩૮-૮૫ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૯૬૩૫-૦૦ | |
| ૨૩૩૬૯-૦૦ | સ્નેહ સંમેલન અંગે ખર્ચ | ૩૧૦૭૩-૦૦ | |
| ૬૫૦૬-૦૦ | ભક્તિ સંગીત અંગે ખર્ચ | ૫૧૫૭-૦૦ | |
| | ચિંચણ મુલાકાત અંગે ખર્ચ | ૧૬૦૦-૦૦ | |
| | ભિખોદરા મુલાકાત અંગે ખર્ચ | ૬૩૦-૦૦ | |
| ૨૯૪-૦૦ | કેસેટ ખર્ચ | ૧૯૮૦૦-૦૦ | |
| ૬૦૧૮-૫૦ | જ્ઞાનસત્ર ખર્ચ | ૮૬૩-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | એમ.એમ. શાહ લાઈબ્રેરીને ઠરાવ પ્રમાણે | | |
| ૬૩૯-૦૦ | સર્વોદય પરિવાર ટ્રસ્ટ ખર્ચ | | |
| ૧૧૮૭૫૧-૩૧ | | | ૧૧૨૩૫૭-૭૫ |
| | બોમ્બે ડાઈંગના ડિબેન્ચરો વેચતા ઘટના | | ૩૭૦૦-૦૦ |
| | વૈદ્યકીય | | |
| ૧૮૯૪૯-૦૦ | નેત્રયજ્ઞને | | |
| ૨૦૦૦૦-૦૦ | અન્ય સંસ્થાઓને ઠરાવ પ્રમાણે | | ૩૦૦૦૦-૦૦ |
| ૧૬૭૭૬-૦૦ | સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ : પર્યટન તથા અન્ય ખર્ચ | | |
| ૫૫૭૨૫-૦૦ | | | |
| ૩૮૯૨૦૮-૦૧ | | | ૩૪૦૫૪૧-૯૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૯૨ | | | |
| ૫૨૧૨૭૮-૨૫ | પાછળથી લાવ્યા | ૪૬૩૩૨૯-૪૪ | ૩૮૯૨૦૮-૦૧ | પાછળથી લાવ્યા | | ૩૪૦૫૪૧-૯૧ |
| | | | | પ્રબુદ્ધ જીવન અંગે | | |
| | | | ૬૦૪૧-૬૦ | પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૫૨૯૯-૯૦ | |
| | | | ૪૦૮૩-૦૦ | પ્રબુદ્ધ જીવન પુરસ્કાર ખર્ચ | ૩૨૯૫-૦૦ | |
| | | | ૪૨૦૮૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પ્રિન્ટિંગ ખર્ચ | ૩૪૩૦૬-૦૦ | |
| | | | ૨૦૮૨-૦૦ | પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૧૬૯૬-૫૦ | |
| | | | ૬૦૫૪૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પેપર ખર્ચ | | |
| | | | ૧૧૪૮૨૬-૬૦ | | | ૪૪૫૯૭-૪૦ |
| | | | ૧૭૨૪૩-૬૪ | ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૭૮૧૯૦-૧૩ |
| ૫૨૧૨૭૮-૨૫ | | ૪૬૩૩૨૯-૪૪ | ૫૨૧૨૭૮-૨૫ | | | ૪૬૩૩૨૯-૪૪ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલમ પડ્યો છે.

મુંબઈ
તા. ૧૧-૧૦-૧૯૯૩

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ
### તા. ૩૧-૩-૯૩ના દિવસનું સરવૈયું

| ૧૯૯૨ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **કાયમી ફંડ** | | |
| ૩૫૭૮૯૪-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૪૦૭૮૯૪-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી | | |
| ૪૦૭૮૯૪-૦૦ | | | ૪૦૭૮૯૪-૦૦ |
| | **શ્રી પુસ્તક ફંડ** | | |
| ૫૫૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૫૫૦૦-૦૦ | |
| | | | ૫૫૦૦-૦૦ |
| | **શ્રી ફરનીચર ફંડ** | | |
| ૨૪૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૨૪૦૦-૦૦ | |
| | | | ૨૪૦૦-૦૦ |
| | **શ્રી રીઝર્વ ફંડ** | | |
| ૩૧૬૭૩-૪૨ | ગયા સરવૈયા મુજબ | ૩૧૬૭૩-૪૨ | |
| | | | ૩૧૬૭૩-૪૨ |
| | **દેવું** | | |
| ૩૦૦૫૧-૦૦ | પુસ્તકો અંગે ડિપોઝીટના | ૩૧૪૭૬-૦૦ | |
| | | | ૩૧૪૭૬-૦૦ |
| ૨૫૯૭૧-૩૭ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | | |
| | ૧૨૧૧૯-૫૦ શ્રી ઈન્દિરાબેન ભટ્ટ | | |
| | ૧૯૧૭-૬૦ શ્રી હિના એચ. રાઠોડ | ૩૯૭૬-૮૦ | |
| | ૧૧૯૩૪-૨૭ પુન હિરાચંદ નવાલે | ૧૪૪૭૯-૬૭ | |
| | ૨૫૯૭૧-૩૭ | | ૧૮૪૫૬-૪૭ |
| ૫૬૦૨૨-૩૭ | | | |
| ૬૦૩૯૫-૫૨ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | ૭૬૩૯૧-૫૨ | |
| ૧૦૦૦-૦૦ | ખર્ચ અંગે | ૨૦૦૦-૦૦ | |
| ૬૧૩૯૫-૫૨ | | | ૭૮૩૯૧-૫૨ |
| ૫૬૪૮૮૫-૩૧ | | | ૫૭૫૭૯૧-૪૧ |

| ૧૯૯૨ | મિલકત અને લેણું | | |
|---|---|---|---|
| | **ઈન્વેસ્ટમેન્ટસ: ફિક્સ ડિપોઝીટ** | | |
| ૫૦૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | | ૫૦૦૦૦-૦૦ |
| | **ફરનીચર (ખરીદ કિંમત)** | | |
| ૨૦૧૮૭-૬૩ | ગયા સરવૈયા મુજબ | ૨૦૧૮૭-૬૩ | |
| | ઉમેરો:વર્ષ દરમિયાન | | |
| ૧૧૮૬૪-૬૩ | બાદ:કુલ ઘસારાના ૧૯૯૨સુધી | ૧૨૬૯૬-૬૩ | |
| ૮૩૨-૦૦ | વર્ષ દરમિયાન ઘસારાના | ૭૪૯-૦૦ | |
| ૭૪૯૧-૦૦ | | ૧૩૪૪૫-૬૩ | ૬૭૪૨-૦૦ |
| | **પુસ્તકો (ખરીદ કિંમતે)** | | |
| ૭૦૯૨૪-૨૦ | ગયા સરવૈયા મુજબ | ૬૩૩૪૬-૫૫ | |
| ૩૦૬૦-૩૫ | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી | ૩૬૬૮-૦૦ | |
| ૭૩૯૮૪-૫૫ | | ૬૭૦૧૪-૫૫ | |
| ૧૦૬૩૮-૦૦ | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના | ૯૫૦૧-૦૦ | |
| | લખી વાળ્યા | | |
| ૬૩૩૪૬-૫૫ | | | ૫૭૫૧૩-૫૫ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૨૧૦૬૫-૫૨ | બેંક ઑફ ઈન્ડીયા બચત ખાતે(ટ્રસ્ટ નામે) | ૩૬૦૬૦-૭૨ | |
| ૧૬-૨૬ | રોકડ પુરાંત | ૫-૮૧ | |
| ૨૧૦૮૧-૭૮ | | | ૩૬૦૬૬-૫૩ |
| | **શ્રી આવક ખર્ચ ખાતું** | | |
| ૩૨૩૮૧૪-૫૭ | ગયા સરવૈયા મુજબ | ૩૯૩૬૫૯-૯૮ | |
| ૬૯૮૪૫-૪૧ | ઉમેરો:આવક કરતાં ખર્ચનો વધારો | ૧૩૯૭૯-૩૫ | |
| ૩૯૩૬૫૯-૯૮ | | | ૪૦૭૬૩૯-૩૩ |
| | **લેણું** | | |
| ૩૨૪૧-૦૦ | ફિક્સ ડિપોઝીટ પર ચઢેલા વ્યાજના | | |
| | વસુલ નહિ થયેલ | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ પાસે | | |
| ૩૬૫-૦૦ | ઈન્કમટેક્ષ રીફંડ બાકી લેણા | ૭૩૦-૦૦ | |
| | મ્યુનિસિપાલિટી પ્રાંટના | ૧૭૧૦૦-૦૦ | |
| ૨૮૬૦૬-૦૦ | | | ૧૭૮૩૦-૦૦ |
| ૫૬૪૮૮૫-૩૧ | | | ૫૭૫૭૯૧-૪૧ |

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ
કે.પી. શાહ ટ્રસ્ટીઓ

**ઑડિટર્સનો રિપોર્ટ**

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૩-૯૩ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાઈબ્રેરીના ચોપડા તથા વાઉચરો વગેરે સાથે તપાસ્યું છે. અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ના અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૧૧-૧૦-૧૯૯૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ
### તા. ૧-૪-૧૯૯૨થી તા. ૩૧-૩-૯૩ સુધીના વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૨ | આવક | | |
|---|---|---|---|
| | વ્યાજના | | |
| ૬૪૯૯-૦૦ | ગવરમેન્ટ કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૬૪૯૯-૦૦ | |
| ૧૪૭૧-૯૯ | બેંક વ્યાજના | ૧૨૫૬-૦૦ | |
| ૭૯૭૦-૯૯ | | | ૭૭૫૫-૦૦ |
| | ભેટના તથા ગ્રાંટ અને લવાજમના | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી | ૨૫૦૦૦-૦૦ | |
| | મ્યુનિસિપલ ગ્રાંટ | ૧૭૧૦૦-૦૦ | |
| ૧૧૮૯૦-૦૦ | પુસ્તક લવાજમના | ૯૨૧૫-૦૦ | |
| ૧૧૦૦-૦૦ | ભેટના | | |
| ૩૭૯૯૦-૦૦ | | | ૫૧૩૧૫-૦૦ |
| | પરચુરણ આવક | | |
| ૧૩૯૭-૦૦ | પસ્તી વેચાણના | ૧૩૧૯-૦૦ | |
| ૩૩૯-૫૦ | લેઈટ ફીના | ૫૧-૦૦ | |
| ૧૨૧૦-૦૦ | દાખલ ફીના | ૧૦૭૦-૦૦ | |
| ૨૫૦-૦૦ | પાસબુકના | ૩૫-૦૦ | |
| ૩૧૯૬-૫૦ | કુલ રકમ | | ૨૪૭૫-૦૦ |
| | વર્ષ દરમિયાન આવક કરતાં | | |
| ૬૯૮૪૫-૪૧ | ખર્ચનો વધારો | | ૧૩૯૭૯-૩૫ |
| ૧૧૯૦૦૨-૯૦ | કુલ રકમ | | ૭૫૫૨૪-૩૫ |

| ૧૯૯૨ | ખર્ચ | | |
|---|---|---|---|
| ૭૫૫૬-૧૫ | પેપર લવાજમના | ૭૦૦૩-૧૫ | |
| ૭૦૭૫૧-૫૦ | પગાર, બોનસ, ગ્રેચ્યુટી વગેરે | ૪૦૪૧૭-૦૦ | |
| ૩૪૨-૦૦ | બુક બાઈંડીંગ | ૯૨૦-૦૦ | |
| ૮૨૯૦-૦૦ | પ્રોવિડન્ડ ફંડ ફાળાના તેના પર વ્યાજના | ૫૭૪૫-૨૦ | |
| ૧૦૯-૦૦ | વિમા પ્રિમિયમ | ૧૦૯-૦૦ | |
| ૮૭૦૪૮-૬૫ | | | ૫૪૧૯૪-૩૫ |
| | વ્યવસ્થા ખર્ચ | | |
| ૧૦૦૦-૦૦ | ઓડીટરને ઓનેરિયમના | ૧૦૦૦-૦૦ | |
| ૧૧૪૨૮-૨૫ | સ્ટાફ બેનિફિટ ખર્ચના | ૪૯૬૦-૦૦ | |
| ૫૩૧૬-૫૦ | સાફ-સફાઈ તથા પરચુરણ ખર્ચ | ૪૫૨૦-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૨૧૩૯-૫૦ | પ્રિન્ટિંગ ખર્ચ | | |
| ૨૦૪૮૪-૨૫ | | | ૧૧૦૮૦-૦૦ |
| | ઘસારાના | | |
| ૮૩૨-૦૦ | ફરનીચર પર ઘસારાના-૧૦% | ૭૪૯-૦૦ | |
| ૧૦૬૩૮-૦૦ | પુસ્તક પર ઘસારાના-૧૫% | ૯૫૦૧-૦૦ | |
| ૧૧૪૭૦-૦૦ | | | ૧૦૨૫૦-૦૦ |
| ૧૧૯૦૦૨-૯૦ | કુલ રકમ | | ૭૫૫૨૪-૦૦ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલુમ પડ્યો છે.

મુંબઈ:
તા. ૧૧-૧૦-૧૯૯૩

ઉતમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ
કે.પી. શાહ
ટ્રસ્ટીઓ

# પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી ઉત્સવ વ્યાખ્યાનોનો કાર્યક્રમ

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે મુંબઈમાં બે દિવસનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચર્ચગેટ ખાતેના ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના સભાગૃહમાં બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૩ના સાંજના છ વાગ્યે શ્રી યશવંત દોશીએ અને શ્રી હરીન્દ્ર દવેએ 'પરમાનંદ કાપડિયા એક વિલક્ષણ પ્રતિભા'એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. ગુરુવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ એજ સ્થળે ડૉ. ઉષાબહેન મહેતાએ 'સ્વતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ દિવસના બીજા વ્યાખ્યાતા શ્રી નારાયણ દેસાઈ અનિવાર્ય સંજોગોને કારણે વ્યાખ્યાન આપવા આવી શક્યા ન હતા. બંને દિવસની વ્યાખ્યાન સભાનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે લીધું હતું. કાર્યક્રમનો અહેવાલ નીચે પ્રમાણે છે.

પહેલા દિવસના પ્રથમ વ્યાખ્યાતા શ્રી યશવંત દોશીએ કહ્યું હતું કે પરમાનંદ કાપડિયામાં અનેક વિશિષ્ટ લક્ષણો હતાં. એટલે એક વિલક્ષણ પ્રતિભા કહેવામાં આપણે કંઈ વધારે પડતી વાત, કંઈ અત્યુક્તિ કરતા નથી. જો કે એમની ખૂબી એ હતી કે વિશેષતાઓને સામાન્યતાના દેખાવ નીચે તેઓ ઢાંકી રાખતા. પરમાનંદભાઈમાં મિત્ર બનાવવાની અદ્‌ભુત કલા હતી. તમે એમના પરિચયમાં આવો પછી ધીમે ધીમે કરતાં ક્યારે એમના મિત્ર બની ગયા તેનો તમને ખ્યાલ પણ ન રહે. એમના વિશાળ મૈત્રી નિર્માણની એક ચાવી એમની ઉગ્રતા વિનાની તાર્કિકતા હતી. એ તમારી સાથે હંમેશા ચર્ચા કરવા તૈયાર હોય પણ પોતાની વાત તમારા મનમાં ઉતારવાની ઉતાવળ ન હોય. ચર્ચાનો તમારો પક્ષ પૂરેપૂરો સાંભળવાની એમનામાં ધીરજ હતી અને પોતાની વાત તર્કબદ્ધ રીતે મૂકવાની કુશળતા હતી. સામો પક્ષ અકળાઈ જાય તો તેના હથિયાર હેઠાં મૂકાવી તેને શાંત કરી દેવાની આવડત તેમનામાં હતી.

પહેલા દિવસના બીજા વ્યાખ્યાતા શ્રી હરીન્દ્રભાઈ દવેએ કહ્યું હતું કે મને વૈષ્ણવ હોવાનું જેટલું ગૌરવ છે એટલું જ ગૌરવ મને જૈન હોવાનું છે. આવો દૃષ્ટિકોણ કેળવવા માટે જરૂરી એવી ધર્મની વિશાળતા મને પરમાનંદભાઈપાસેથી જાણવા મળેલી. મારા જીવનને, વિચારોને તેમના લખાણોએ વ સમૃદ્ધ કર્યું છે. પરમાનંદભાઈની વાત જોડે તમે સંમત થતા નથી એમ તેઓ જાણે ત્યારે ક્યારેય તમને જુદી પંગતના ગણી તેઓ તમારીઅવગણના નહિ કરે, એ તમારી સાથે બેસશે, તમારી જોડે ચર્ચા કરશે તને એમનું દૃષ્ટિબિંદુ સમજાવવા મથશે. તમારું દૃષ્ટિબિંદુ સમજવા યત્ને. 'પ્રબુદ્ધજીવન'નું પરમાનંદભાઈએ બત્રીસ વર્ષ સુધી તંત્રીપદ શોભાવ્યું હતું. સામાજિક, રાજકીય, સાહિત્યિક અને બીજા ઘણા સ્તરની ઘટનાઓને નિરપેક્ષ રીતે અને એક જ ત્રાજવા પર મૂલવનાર પત્રોમાં 'બુદ્ધજીવન'નું સ્થાન મોખરે હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ જે શાહે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે રમાનંદભાઈનો અને મારો ચાર દાયકાનો સંબંધ હતો. પરમાનંભાઈ સૌની સાથે એક કુટુંબની જેમ ભળી જાય. પરમાનંદભાઈ માણસપ્રેમી હતા. પરમાનંદભાઈના બે પ્રિય વિષયો હતા એક 'પ્રબુદ્ધજીવન' અને બીજી પર્યુષણ વ્યાખ્યાનમાળા.

શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સૂર્યકાંત પરીખે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે પરમાનંદભાઈ ક્રાંતદૃષ્ટા હતા. તેઓ આગળનું જોઈ શકતા અને તે મુજબ પોતાનો રાહ કંડારતા. પરમાનંદભાઈના જીવન પર દૃષ્ટિપાત કરતાં એક વાત એમના જીવનમાં સળંગ જોવો મળે છે કે તેઓ સદાય નવા વિચારના પુરસ્કર્તા હતા.

કાર્યક્રમના પ્રમુખ સુપ્રસિદ્ધ લેખક અને ચિંતક ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે પરમાનંદભાઈની જન્મશતાબ્દી એક ઐતિહાસિક ઘટના કહી શકાય. પાંસઠ વર્ષના જૈન યુવક સંઘના ઈતિહાસમાં પરમાનંદભાઈનો ફાળો બહુમૂલ્ય રહ્યો છે. પરમાનંદભાઈ એટલે બહુમુખી વ્યક્તિત્વ, પરમાનંદભાઈ એટલે સત્યના અને સૌંદર્યના પૂજારી, પરમાનંદભાઈ એટલે પ્રસન્નતા, વિચારશીલતા, ગુણગ્રાહકતા, સ્વસ્થતા, કલારસિકતા, સંનિષ્ઠા, ઉદારતા, નિર્દંભતા, નિર્ભિકતા, વત્સલતા, વગેરેથી ધબકતું જીવન. એમનું વ્યક્તિત્વ એવું ચેતનવંતુ હતું કે હજુયે એમની સાથેના કેટકેટલા પ્રસંગો જીવંત બનીને નજર સામે તરે છે.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી ગીતાબહેન પરીખ અને સૂર્યકાંત પરીખની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઈ શાહે સૌને આવકાર આપ્યો હતો. ડૉ. રમણલાલ શાહે બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો. પરમાનંદભાઈની સુપુત્રી શ્રીમતી મીતાબહેન ગાંધીએ પોતાના પિતાના અંગત સંસ્મરણો કહ્યા હતાં. શ્રી પ્રદીપભાઈ અમૃતલાલ શાહે આભાર વિધિ કર્યા બાદ પ્રથમ દિવસના આ યાદગાર કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

બીજા દિવસે ડૉ. ઉષાબહેન મહેતાએ 'સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો'એ વિષય ઉપર બોલતાં જણાવ્યું હતું કે આપણો સ્વતંત્ર્ય સંગ્રામ મુખ્યત્વે અહિંસક રહ્યો હતો. આઝાદીની આ લડાઈમાં મહાત્મા ગાંધીના નેતૃત્વ નીચે એક તરફ જેમ અનેક સત્યાગ્રહી વીરોએ જે સાહસ, શૌર્ય અને સ્વાર્પણની ભાવના દાખવી હતી તેમ ભારતની મહિલાઓએ પણ સામી છાતીએ ગોળી ઝીલી હતી. નાના નાના ભૂલકાંઓને લઈને જેલમાં ગઈ હતી અને અનેક પ્રકારની યાતનાઓ મા ભોમની સ્વાતંત્ર્યતા કાજે સહન કરી હતી.

આઝાદી જંગમાં સૌથી મહત્વનો ફાળો કસ્તુરબાનો રહ્યા હતો, તેમણે સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓ ભાગ લઈ શકે તે માટે બાપુને સતત પ્રેરણા આપી હતી. આ લડતમાં ભાગ લેનાર મેડમ ભીખાજી, સરોજિની નાયડુ, કમલાદેવી ચટોપાધ્યાય, અરુણા અસફઅલી, કેપ્ટન લક્ષ્મીબાઈ વગેરેનો સ્મરણો તથા પોતાના જેલ જીવનનાં સ્મરણો તેમણે તાજાં કર્યાં હતાં.

બીજા દિવસના આ કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી કોકિલાબહેન વકાણીની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સ્વાગત પ્રવચન કરવાની સાથે વક્તા ડૉ. ઉષાબહેન મહેતાનો પરિચય આપ્યો હતો. પરમાનંદભાઈની સુપુત્રી ગીતાબહેન પરીખે પરમાનંદભાઈની જન્મશતાબ્દી નિમિત્તે રચેલ સોનેટ ગાયું હતું. કાર્યક્રમનું સંચાલન ચીમનલાલ જે. શાહે કર્યું હતું. આભારવિધિ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે કરી હતી.

❑❑❑

# 'રિમોટ કંટ્રોલ'નો યોગ્ય ઉપયોગ

❑ મનોજ્ઞા દેસાઈ

બધિર બાળકોને બોલતાં શીખવવું એ મારા કામનો એક ભાગ છે. એ માટે વાંદરામાં રહેતા એક બધિર બાળકને એનાં માતા મારી પાસે વાચા-બોલવાનું શીખવવા માટે લઈને આવતાં. એની શાળાના સમય સાથે મારી પાસે લાવવાના સમયનો મેળ ન પડતાં, અને બીજાં કેટલાંક કારણોસર એણે માત્ર રજાઓમાં, વેકેશનમાં એની આ વાચા-કેળવણી ચાલુ રાખવી એમ નક્કી કર્યું. વેકેશન શરૂ થતાં એનો ફોન આવ્યો. 'મારા દીકરાને વાચા-કેળવણી (સ્પીચ ટ્રેઈનિંગ)માટે ક્યારે લાવું ? હવે રજાઓ પડી ગઈ છે' એણે પૂછ્યું.

'સવારે અગિયાર વાગ્યે,' મારું સમયપત્રક જોઈ મેં કહ્યું.

'પણ અગિયાર વાગે તો એ ઊઠ્યો પણ નથી હોતો.'

'રાતે મોડે સુધી જાગે છે ?'

'હા, બે વાગ્યા સુધી કેબલ પર પિક્ચર જુએ ને પછી બિચારો સવારે વહેલો શી રીતે ઊઠે ?' એણે એક સ્વાભાવિક પ્રશ્નરૂપે વિધાન કર્યું ૧૦-૧૨ વર્ષનું બાળક રોજ રાત્રે બે વાગ્યા સુધી 'કેબલ' પર પિક્ચર જુએ એ હકીકત જ મને ઠીક ઠીક અરુચિકર લાગી છતાં એ વિચાર બાજુ પર મૂકી મેં કહ્યું,

'ભલે તો પછી મને સાંજે ચાર વાગ્યે સમય મળશે. એને ચારથી પાંચના સમયે લઈ આવજો.'

'એ પણ નહીં બને...' એનો દ્વિધા ભર્યો સ્વર સંભળાયો,

'બપોરે ત્રણ વાગ્યે કેબલ પર બપોરનું પિક્ચર શરૂ થઈ જાય પછી એ શી રીતે આવે ?' પછી ઉમેર્યું, 'માત્ર વેકેશનમાં જ તો એ બે પિક્ચર જોઈ શકે બાકી તો સ્કૂલ હોય એટલે ન બને. તમને બીજો સમય ન ફાવે ?' આ બીજું વિધાન આઘાતપ્રદ હતું. બીજા કોઈ સમયે મને ફાવે એમ ન હોવાથી એણે બાળકને એક મહત્ત્વની કેળવણી નહીં અપાય તો ચાલશે એવું નક્કી કર્યું.

આ એક બાળકની કેળવણીના એક પાસાનો પ્રશ્ન નથી. માતા-પિતાના કે એકંદરે સમાજના કોઈ પણ કેળવણી તરફના વલણનો પ્રશ્ન છે. વીડિયો, ટી. વી., ડી. ડી. મેટ્રો, ઝી, એ. ટી. એન., એમ. ટી. વી. વગેરે દ્વારા ઉત્પન્ન થયેલી એક ગંભીર સમસ્યાનો પ્રશ્ન છે.

આ બધી ચેનલ્સ સાથે મારે બહુ નિકટનો પરિચય નથી. દરેક ચેનલ પર માહિતીપ્રદ, પ્રેરણાત્મક કાર્યક્રમો પણ આવે જ છે. કેટલીક જ્ઞાનવર્ધક સીરિયલો તો ખૂબ જ સરસ અને 'જોવી જ જોઈએ' એવો અભિપ્રાય આપી શકાય એવી પણ હોય છે. તેમ છતાં એકંદરે ફિલ્મબેઈઝ્ડ (ચલચિત્રઆધારિત) અને નકામું કે અંગ્રેજીમાં ' ટ્રેશ' કહીએ એનું પ્રસારણ ખૂબ વધી ગયું છે એ પણ એટલું જ સાચું છે.

ત્રણેક વર્ષ પહેલાં મારે પરાંની એક શાળાના વાલીઓ સમક્ષ 'બાળકોની કેળવણીમાં ટી. વી., વીડિયો વગેરેનો રચનાત્મક (ક્રિએટિવ) ઉપયોગ' એ વિશે બોલવાનું હતું, તે વખતે કેબલ શરૂ થઈ ગયું હતું પણ બીજી બધી ચેનલોનો પ્રવેશ હજી થયો ન હતો. તે વખતે પણ બાળકો ઓછામાં ઓછું સરેરાશ અઠવાડિયાના ૧૦-૧૨ કલાક ટી. વી. જોતાં હશે એવી ગણતરી હતી.સ્કૂલ અને વધતા જતા ગૃહકાર્યના બોજા છતાં પણ આ કલાકો વધ્યા હોય એવી પૂરી શક્યતા છે.

ટી. વી. પણ વિજ્ઞાનની બીજી અનેક દેન જેવું જ છે. જો યોગ્ય ઉપયોગ થાય તો વરદાનરૂપ અને નહીં તો અભિશાપરૂપ છે. બાળકો માટે આવતા ટી. વીના કાર્યક્રમોમાંથી તો બાળકો અનેકવસ્તુ શીખી શકે એવું હોય જ છે. તે ઉપરાંત બીજા માહિતીપ્રદ કાર્યક્રમો મોટેરાંના માર્ગદર્શન હેઠળ બતાવીએ તો બાળક એમાંથી પણ ઘણું ઘણું શીખી શકે છે. 'ટર્નિંગ પોઈન્ટ', 'ધ વર્લ્ડ ધિસ વીક' જેવા કાર્યક્રમો તો દૂરદર્શનના જ છે. એ સિવાય દૂરદર્શનનું 'જંગલબુક' બાળકોને ખૂબ જ મઝા આવે એવું હોય છે. આવા કાર્યક્રમોમાંથી બાળકોનું આડકતરી રીતે ચારિત્ર્યઘડતર પણ થતું હોય છે. વાર્તાઓ, સમાચાર કે બીજા અનેક કાર્યક્રમો જોવાથી ભાષાઓ પરનું પ્રભુત્વ પણ વધે છે-કેટલાક કાર્યક્રમો ભાષા પર અવળી અસર કરે એવા પણ હોય છે. એટલે જો થોડું યોજનાબદ્ધ અવલોકન હોય તો ટી. વી. મનોરંજન અને માહિતી, જ્ઞાન અને ગમ્મત મબલખ પ્રમાણમાં પૂરાં પાડે છે.

પરંતુ ઘણા કિસ્સામાં બને છે તેમ, જો ટી. વી. જોવાનું સંયમિત અને યોજનાબદ્ધ ન હોય તો ? તો ટી. વી. માં આવતા કાર્યક્રમો જોતાં માત્ર કેટલાંક બાળકોનું જ નહીં આખી પેઢીનું ચારિત્ર્ય ઘડતર ભયમાં છે એમ કોઈ કોઈ વાર લાગી આવે છે.

ટી. વી. જોવાની પ્રક્રિયા એ સાવ 'પેસિવ' નિષ્ક્રિયતાભરી છે. માત્ર જોવા અને માણવા સિવાય આપણે કંઈ 'કરવાનું' હોતું નથી. કેટલાક કાર્યક્રમો પ્રયત્નપૂર્વક સમજવાના હોય છે, ઘણામાં તો એ પણ નથી હોતું. પુસ્તક વાંચવામાં પ્રમાણમાં ઓછી નિષ્ક્રિયતા છે. એમાં સમજવાની, ચિત્રોવિનાનું પુસ્તક હોય તો શબ્દોમાં આલેખાયેલા વર્ણન પરથી કલ્પનાઓ કરવાની વગેરે પ્રક્રિયાઓ વાંચવાની સાથે આપોઆપ જ થવા લાગે છે. બાળકોને માટે રમવા જેટલી સક્રિય પ્રક્રિયાઓ બહું ઓછી હશે. બગીચામાં જવાને બદલે કે રમવાને બદલે જો બાળક કાયમ સિનેમા જોવાનું કે ટી. વીના 'ટ્રેશ' કાર્યક્રમો જોવાનું પસંદ કરતું હોય તો બાળકનું એ વલણ એના સર્વાંગી વિકાસમાં નડતરરૂપ થાય એવી પૂરી શક્યતાઓ છે. ગમે એટલું ટી. વીનું આકર્ષણ હોય પણ એ છોડીને રમવા દોડી જતું બાળક પછીથી સારા વિકસિત નાગરિકો બને એવું માની શકાય.

ટી. વીની ટેવને લીધે શ્રવણ અને દૃશ્ય એ બે ઈંદ્રિયોના સતત ઉપયોગને લીધે રેડિયો કે ટેઈપરેકોર્ડરનું મહત્ત્વ ખૂબ ઘટી ગયું છે. વળી સાથે દૃશ્ય ન હોય તો ટી. વીના ટેવાયેલા બાળકને માત્ર શ્રાવ્યનો ઉપયોગ કરવાં માટે ઘણીવાર એકાગ્રતા પણ ખૂટી પ. છે. ચિત્રવિનાનાં પુસ્તક વાંચતી વખતે બને એમ માત્ર સાંભળેલા શબ્દો દ્વારા વિચાર કરવા માટે એની કલ્પનાશક્તિ પણ સીમિત બની જાયછે. સુંદર, મધુર, કર્ણપ્રિય સંગીત પણ લાંબો સમય ધ્યાનથી સાંભળવું એને માટે અઘરું થઈ પડે છે. ચિત્રો દોરવાં, નિબંધો લખવા વગેરે કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે એવી પ્રવૃત્તિઓ કરતાં બાળક પોતાનો દરેક દિશામ વિકાસ વધારે સરળતાથી સાધી શકે છે.

બાળકોને માટે પ્રમાણમાં નકામું કે માત્ર મનોરંજકલાગે એવું ટી. વી. જોવાનું પણ રસપ્રદ બનાવી શકાય. કુદરતી દૃશ્યો ઉપ કોઈ ફિલ્મનું ગીત ચાલતું હોય તો તે વખતે આંખો બંધ કરીને કલ્પના કરવી કે 'કેવાં દૃશ્યો આવતાં હશે ?' અથવા તો શબ્દો પર વિચારકરીને 'એ જ ગીતના દૃશ્યો આપણે બનાવવા હોય તો કેવા બનાવીએ ?'વગેરે નાની નાની રમતો રમવાથી આપણે માત્ર મનોરંજક કાર્યક્રમોને ધુ રસપ્રદ, સક્રિય અને વિકાસની દિશામાં દોરી શકે એવા બનાવી શકએ.

વેકેશનમાં કે રજાને દિવસે ઘરમાં આવતી વીડિયો ફિલ્મપણ થોડું જોઈ વિચારને લાવીએ તો એમાં પણ બાળકના વિકાસ માટી ભરપૂર શક્યતાઓ સમાયેલી છે. બાળકોમાં, સામાજમાં, હિંસાત્મકાતાવરણ વધ્યું છે. એનું એકમાત્ર નહીં પણ એક કારણ ફિલ્મ અને ટ વી. છે. એમ ચોક્કસપણે કહી શકાય.

વળી સિનેમાના પડદા પર ફિલ્મ જોવામાં પણ એક [ખો જ

આનંદ છે. વીડિયો અને ટી. વીના અતિરેકને કારણે તથા સારી ફિલ્મોના અભાવને કારણે એ આનંદથી ઘણા બાળકો વંચિત રહેતા હોય છે. ટી. વીના પડદા પર બહુ ઓછા લોકો ગંભીરતા પૂર્વક ફિલ્મ જોઈ શકે છે. એ કારણે સારી ફિલ્મ બનાવવા છતાં એની અસર, થિયેટરના પડદા પર જોવાથી થતી અસર કરતાં ઓછી થાય છે.

મિત્રોને મળવું, સાથે રમવું, પત્રો લખવા, પ્રાણીબાગ વગેરે જોવા જવું એ બધી પ્રવૃત્તિઓનું પ્રમાણ હવે ઠીક ઠીક ઘટયું છે. આ બધી પ્રવૃત્તિઓનો રસ્તો એક નાનકડો ટી. વીનો પડદો રોકીને બેઠો છે. દરિયા કિનારે ભીની માટીના સ્પર્શનો અનુભવ, ટી. વીના પડદા પર એક ફિલ્મમાં જાહેરખબરમાં દેખાડાતી દરિયાની માટીના દ્રશ્યને ગમે તેટલી વાર જોવા છતાં પણ આપણને નહીં મળે. આપણા જીવનમાં, ડ્રોઈંગરૂમમાં પ્રવેશી ચૂકેલા આ ટી. વીનું સ્થાન મહત્વનું છે પરંતુ એને યથાસ્થાને રાખવાનો સક્રિય પ્રયત્ન આવશ્ય છે.

'તમે 'સ્ટાર' લીધું છે ?'

'ના'

'સારું છે. અમારે તો 'સ્ટાર' આવ્યા પછી છોકરાં ભણતાં જ નથી.' આ સંવાદો આજે 'ઘર ઘર કી કહાની' બની ગયા છે.

આપણા પોતાના શોખ માટે આપણે કરમાઈ ગયેલી નવી પેઢી તૈયાર કરીશું ? ખીલું ખીલું થઈ રહેલા બાળકોના બાળપણને ટી. વીના પડદા સામે કુંઠિત થવા દઈશું ?

અમેરિકામાં ટી. વીને માટે 'ઇલેકટ્રોનિક બેબીસિટર' શબ્દ વપરાય છે. બાળકને સાચવવાની ઉપાધિ ન કરવી હોય તો ટી. વી. સામે બેસાડી દેવું.

બાળકને સાચવવાનો કે એની ઉપાધિનો પ્રશ્ન જ નથી. એ બાળ-કળીની દરેક પાંખડી, એ કમળનું દરેક કમળદલ માત્ર ટી. વી. જોવાથી નહીં ઉઘડે. એ માટે સક્રિય રીતે આપણે પ્રયત્ન કરવો પડશે. બાળકો સામે આ પ્રલોભન મૂકી તો દીધું છે પણ હવે બાળકને એ આકર્ષણનો ઉત્તમ ઉપયોગ શી રીતે થઈ શકે એનું માર્ગદર્શન કરવું પડશે.

ટી. વી. સાવે ખુલ્લું હોવા છતાં એનો ઉપયોગ કરતું 'રિમોટ કંટ્રોલ' આપણા હાથમાં છે. એમાં ક્યું બટન ક્યારે દાબવું એ અત્યારથી વિચારીશું તો ઉગતી પેઢીના વિકાસ અને ચરિત્રના 'રિમોટ'ને યોગ્ય સમયે સુકાનરૂપે સોંપી શકીશું. □□□

## સ્વ. જેઠાલાલ ઝવેરી

### (છેલ્લા પાનાથી ચાલુ)

ત્યારપછી તેમણે પોતાનું સમગ્ર લક્ષ્ય ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે દોર્યું હતું. પોતે તેરાપંથી સંપ્રદાયના હતા. એટલે સ્વાભાવિક રીતે જ આચાર્ય તુલસી તથા યુવાચાર્ય મહાપ્રજ્ઞ શ્રી નથમલજીના સંપર્કને લીધે તેઓ લાડનુની જૈન વિશ્વભારતી સંસ્થા સાથે વધુ અને વધુ સંકળાયેલા રહ્યા. વખત જતાં તેઓની ત્યાં વિઝિટીંગ પ્રોફેસર તરીકે નિમણૂંક કરવામાં આવી. એ રીતે જૈન વિશ્વભારતીમાં તથા અન્યત્ર વખતો વખત તેમનાં વ્યાખ્યાનો યોજાતાં રહ્યાં હતાં.

પ્રેક્ષાધ્યાનની શિબિરોનાં સંચાલનની તથા અન્ય પ્રકારની વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. તેરાપંથી સભા, અણુવ્રત સમિતિ, તુલસી આધ્યાત્મ નીડમ, જૈન વિશ્વભારતી વગેરે વિવિધ સંસ્થાઓમાં તેમણે જુદા જુદા હોદ્દા પર રહીને સંગીન કાર્ય કર્યું હતું. એમના મહત્ત્વના યોગદાનને માટે એમને 'પ્રેક્ષા પ્રવક્તા,' 'સમાજભૂષણ' વગેરે વિવિધ બિરુદો પણ આપવામાં આવ્યાં હતાં.

સ્વ. જેઠાલાલભાઈ ઝવેરી તત્ત્વચિંતક હતા. એમણે પ્રેક્ષા ધ્યાન વિશે કેટલીક પુસ્તિકાઓ પણ લખી છે. તદુપરાંત એમણે અંગ્રેજીમાં 'ન્યૂરો સાયન્સ એન્ડ કર્મ' જેવાં કેટલાંક પુસ્તકો અંગ્રેજીમાં પ્રકાશિત કર્યા છે.

આવા તત્ત્વચિંતક, આરાધકને જીવનના અંતિમ સમયે સંથારો લઈને દેહ છોડવાનું મન થાય એ સ્વાભાવિક છે.

સંથારાની પ્રક્રિયા જૈન ધર્મની એક વિશિષ્ટ પ્રક્રિયા છે. પોતાના જર્જરિત થયેલા દેહને સ્વેચ્છાપૂર્વક છોડી દેવાની પ્રક્રિયા એ એક વિશિષ્ટ ધર્મક્રિયા છે. અનશનપૂર્વક દેહ છોડવાનાં ઉદાહરણો જૈન ધર્મમાં અનેક મળે છે. પ્રસન્નતાપૂર્વક દેહ છોડી દેવો એ કંઈ જેવી તેવી વાત નથી. ૧૦૦ વર્ષે પણ માણસને જીવવું ગમે છે. મરવું કોઈને એમ સહેલાઈથી ગમતું નથી.

દુઃખ, નિરાશા, આવેગ, ભય, ચિંતા, દેવું વગેરેમાંથી મુક્ત થવા માટે, માનસિક કે શારીરિક યાતનામાંથી છટકવા માટે કોઈ વ્યક્તિ પોતાના જીવનનો અચાનક અંત આણે તો એ આત્મહત્યા કહેવાય છે. તે અશુભ અને પાપરૂપ ગણાય છે તથા તેનો પ્રયાસ કાયદાની દ્રષ્ટિએ ગુનો ગણાય છે. સંથારામાં અચાનક મૃત્યુ નથી હોતું, ક્રમિક મૃત્યુ હોય છે. માત્ર દેહનું પોષણ અટકાવવાની જ તેમાં વાત હોય છે. દેહ અને આત્માની ભિન્નતાની સમજણ અને પ્રતીતિ સાથે સ્વસ્થતાપૂર્વક, ઉલ્લાસ સાથે લેવાયેલો એ નિર્ણય હોય છે. તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ તેમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું છે. આત્મહત્યામાં અશુભ અધ્યવસાયો હોય છે. તેમાં કાયરપણું છે. તે છાની રીતે કરવામાં આવે છે. તેમાં જીવનનો અંત અચાનક આણવામાં આવે છે. સંથારો એ જાહેર ધર્મપ્રસંગ છે. તેમાં સ્વસ્થતા, નિર્ભયતા, સમજણ અને ઉચ્ચતત્ત્વદૃષ્ટિ રહેલાં હોય છે. સ્વજનોને પણ તે સ્વીકાર્ય હોય છે, તેમાં દેહત્યાગ ક્રમિક હોય છે. આખો પ્રસંગ ઉત્સવરૂપ હોય છે. આત્મહત્યામાં વ્યક્તિનો નિર્ણય અંગત હોય છે અને તે ઘણુંખરું ખાનગી રખાય છે. સંથારામાં ગુરુ કે વડીલની આજ્ઞા વિના તેવા નિર્ણયનો અમલ થઈ શકતો નથી. આત્મહત્યા થોડીક ક્ષણોની ઘટના હોય છે. સંથારો કેટલા દિવસ ચાલે તે કહી શકાય નહિ, પરંતુ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી આત્મચિંતન અને પ્રભુકીર્તનનો ઉત્સવ ચાલ્યા કરે છે. એટલે જ સંથારાને આત્મહત્યા ગણવામાં આવતો નથી. ભૂતકાળમાં ન્યાયાલયોએ પણ એજ પ્રકારના ચુકાદા આપ્યા છે. અન્ન-જળ ન લેવાં એ પણ મનુષ્યનો નૈસર્ગિક, સ્વૈચ્છિક અધિકાર મનાયો છે. કોઈ બાબતના વિરોધમાં આમરણાંત ઉપવાસ ઉપર ઊતરવું એ સંથારો નથી, કારણકે એમાં આસક્તિ છે, દ્વેષ છે. અશુભ અધ્યવસાયો છે. દબાણ લાવવાનો કૃત્રિમ પ્રયાસ છે અને પ્રશ્નોનું નિરાકરણ થતાં ઉપવાસ છોડવાની છૂટ હોય છે. સમાધાન થયે ઉપવાસ છોડવાથી પોતે, રાજી થાય છે. દેહનું મમત્વ રહે છે. સંથારો શબ્દ 'સંસ્તારક' શબ્દ ઉપરથી આવ્યો છે. ભવસમુદ્રમાંથી સારી રીતે પાર ઉતારનાર તે સંસ્તારક એટલે કે સંથારો છે. જૈનોના કેટલાક ફિરકામાં ગૃહસ્થોને સંથારો લેવાની આજ્ઞા અપાતી નથી, કારણ કે સંથારાનાં ભયસ્થાનો પણ ઘણાં મોટાં છે. વળી પૂર્વના કાળમાં લોકોનાં શરીરમાં અને ચિત્તમાં જેટલું બળ હતું તેટલું અત્યારે રહ્યું નથી. એથી જ સંથારાની ઘટના ઘણી વિરલ ગણાય છે. એથી જ જૈનોના કેટલાક ફિરકાના, કેટલાક સમુદાયમાં સંથારાનાં પચ્ચકખાણ ગૃહસ્થોને આપવામાં આવતાં નથી, કેટલાક સમુદાયમાં તેવી છૂટ અપાય છે.

સ્વ જેઠાલાલભાઈએ સંથારો લઈને પોતાના મનુષ્યભવને સાર્થક અને ઉજ્જવળ કર્યો છે.

એમના આત્માને અવશ્ય સદ્ગતિ પ્રાપ્ત થઈ હશે ! એમના જીવનમાંથી આપણે પ્રેરણા લઈએ એજ અભ્યર્થના ! □□□

# સ્વ. જેઠાલાલ ઝવેરી

❑ રમણલાલ ચી. શાહ

૧૯૩૦ના જમાનાના વિજ્ઞાન શાખાના ગ્રેજ્યુએટ, સાધનસંપન્ન, દેશ-વિદેશમાં પ્રવાસ કરનાર, સફળ ઉદ્યોગપતિ, પ્રખર તત્ત્વચિંતક, પ્રેક્ષાધ્યાનના આરાધક, જૈન સમાજના એક અગ્રણી એવા શ્રી જેઠાલાલ ઝવેરીએ ૮૩ વર્ષની ઉંમરે સંથારો લઈ ૧૩મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ અનશનના ૪૧મા દિવસે સમાધિપૂર્વક દેહ છોડયો. સ્વ. જેઠાલાલ ઝવેરીની એક શ્રાવક તરીકેની અંતિમ આરાધના અત્યંત વિરલ, પ્રેરક અને અનુમોદનીય રહી.

કેટલાક સમય પહેલાં સ્વ. જેઠાલાલભાઈની તબિયત બગડતી જતી હતી. ઉંમરને કારણે તેમને હૃદયરોગની, દમની અને સારણગાંઠની, એમ ત્રણ મોટી બીમારી ચાલુ હતી. એ બીમારીએ જ્યારે ગંભીર સ્વરૂપ પકડયું ત્યારે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. ૮૩ વર્ષની ઉંમરે આવી ગંભીર બીમારીમાં જેઠાલાલભાઈને એમ લાગ્યું કે પોતાનું શરીર હવે સાધના માટે કશું કામનું રહ્યું નથી, એટલે એમણે સંકલ્પ કર્યો કે હૉસ્પિટલમાંથી ઘરે પાછા ચાલ્યા જવું અને શાંતિથી દેહ છોડવો. ઑક્સિજન અને દવાઓ વગર તેઓ એકાદ બે દિવસથી વધારે ટકી નહિ શકે એવી ડૉક્ટરની ચેતવણી છતાં જેઠાલાલભાઈ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. તેમને ઘરે લઈ જવામાં આવ્યા. તા. ૫મી ઑક્ટોબર, ૧૯૯૩ના રોજ કુટુંબના સર્વે સભ્યો સમક્ષ એમણે સંથારો લેવાનો પોતનો સંકલ્પ જાહેર કર્યો. પૂ. આચાર્ય તુલસીજી, પૂ. યુવાચાર્ય મહાપ્રજ્ઞજી, પૂ. મહેન્દ્રમુનિ વગેરેની સંમતિ અને આશીર્વાદ મેળવીને તા. ૭મી ઑક્ટોબરે તેમણે પૂ. સાધ્વી શ્રી સોહનકુમારીજી પાસે પચ્ચક્ખાણ લઈ સંથારો શરૂ કર્યો. 'આ દેહ મને છોડી જાય એ પહેલાં હું દેહને છોડી દેવા ઈચ્છું છું.' એવી ભાવના સાથે તેમનો સંથારો ચાલુ થયો. આશ્ચર્યની વાત તો એ છે કે સંથારો લીધા પછી તેમનો દેહ ભલે થોડો જર્જરિત થયો હતો તો પણ તેમનું મનોબળ અને આત્મબળ વધતું ગયું. તેમણે કુટુંબના સભ્યોને કહ્યું કે 'હું તમારો મોહ છોડી દઉં છું, અને તમારે મારો મોહ છોડી દેવો.' એમનાં પત્ની સૂરજબહેન અને સંતાનો વગેરે પાસે એવો સંકલ્પ કરાવ્યો કે આ ઉત્સવનો પ્રસંગ છે, માટે કોઈએ શોક કે રૂદન કરવાં નહિ, પણ પ્રસન્નતા ધારણ કરવી. એમની સલાહ કુટુંબીજનોએ સહર્ષ સ્વીકારી અને આખો પ્રસંગ ઘણી સારી રીતે પાર પાડયો.

સ્વ. જેઠાલાલભાઈએ સંથારો લેવાનો વિચાર તો પાંચેક વર્ષ પૂર્વે પોતાના જન્મદિને પૂ. આચાર્ય શ્રી તુલસીજીને વંદન કરવા ગયા હતા. ત્યારે કરી લીધો હતો. સંથારામાં અન્ન અને પાણીના ત્યાગ દ્વારા દેહને કૃશ કરીને અનુક્રમે છોડી દેવાનો હોય છે. દેહના પાતળા થવા સાથે કષાયોને પણ પાતળા કરી નાખવાના હોય છે. એટલે સ્વ. જેઠાલાલભાઈએ જ્યારથી સંલેખના લેવાનો વિચાર કર્યો ત્યારથી જ દેહના પોષણને ક્રમિક અટકાવવાનો સંકલ્પ કરી લીધો હતો. આરંભમાં દર મહિને એક ઉપવાસ કરવાનું તેમણે ચાલુ કરી દીધું હતું. ત્યાર પછી તે વધારતા જઈને મહિનામાં બે ઉપવાસ, ત્રણ ઉપવાસ એમ તેઓ દસ ઉપવાસ સુધી પહોંચી ગયા હતા. આ રીતે સંથારા માટે તેમણે શારીરિક અને માનસિક એમ બંને રીતે પૂર્વ તૈયારી સારી રીતે કરી લીધી હતી. એ તૈયારી સાથે એમનું શ્રદ્ધાબળ પણ અનોખું વધતું જતું હતું.

અનશનના ૧૯મા દિવસે રાત્રે નવ વાગ્યે અમે સપરિવાર એમનાં દર્શન કરવા ગયાં હતાં. એ વખતે એમના સુપુત્ર શ્રી રશ્મિભાઈ ઝવેરી તથા પરિવારના સભ્યો અને દર્શનાર્થીઓ એમની પાસે બેસીને સ્તુતિ, સ્તોત્રો, પદો વગેરે મધુર કંઠે ગાઈ રહ્યાં હતાં. શ્રી જેઠાલાલભાઈ ત્યારે અત્યંત સ્વસ્થ અને પ્રસન્ન હતા. મને તેમની પાસે બેસવાની તક મળી. તેમણે ધર્મ અને તત્ત્વજ્ઞાનની કેટલીક સરસ વાતો કરી. પોતે રાગ રહિત દશામાં રહેવાનો પ્રશસ્ય પુરુષાર્થ કરી રહ્યા હતા. પરિવારના સભ્યો તરફ એમની આસક્તિ રહી નહોતી. તેઓ અત્યંત સ્વસ્થ, શાંત અને આત્મનિમગ્ન હતા. મૃત્યુ માટેની એમની માનસિક તૈયારી પૂરેપૂરી હતી. એ માટે એમનો ઉલ્લાસ ઘણો હતો, કારણ કે આ પ્રસંગ એમને માટે શોકનો નહિ, પરંતુ ઉત્સવનો હતો. એમની સાથે સંથારા વિશે કેટલીક વાતચીત થઈ. તેમણે કહ્યું, ઘરનાં સ્વજનોએ મને વિનંતી કરી હતી કે જો મારી દેવગતિ થાય તો તે પછી મારે દેવ તરીકે કુટુંબની સંભાળ રાખવા કોઈ કોઈ વખત પધારવું, પરંતુ મેં તેઓને કહ્યું હતું કે તમારે મારા તરફથી એવી કોઈ આશા રાખવી નહિ અને મારા પ્રત્યે એવી કોઈ આસક્તિ રાખવી નહિ, કારણ કે હું રાગરહિત રહેવા ઝંખું છું અને તમે પણ સૌ રાગરહિત થાવ એમ હું ઈચ્છું છું.

શ્રી જેઠાલાલભાઈની આવી ઉચ્ચ આત્મદશા જોઈને તેમના પ્રત્યે અમને ખૂબ આદરભાવ થયો હતો.

સ્વ. જેઠાલાલભાઈનો આત્મવિશ્વાસ કેટલો બધો દૃઢ હતો તે બીજા એક પ્રસંગ પરથી પણ જણાય છે. દિવાળીના દિવસો પાસે આવી જતા હતા. એ દિવસોમાં પોતે દેહ છોડે, તો ભલે ઉત્સવરૂપ હોય પણ બાળજીવોમાં ગમગીની ફેલાય. એટલે જેઠાલાલભાઈએ કુટુંબીજનોને કહી દીધું હતું કે દિવાળીના પર્વની તમે કોઈ ચિંતા કરશો નહિ. દિવાળી અને નૂતનવર્ષના દિવસ પછી જ દેહ છોડીશ. અનશનના ત્રીસમા દિવસે પણ આવી દૃઢતાથી કહેવું એમાં એમનું કેટલું આત્મબળ રહેલું હતું તે જણાય છે. ખરેખર એમણે પોતાના સંકલ્પ અનુસાર સંવત ૨૦૫૦ની શરૂઆત થયા પછી જ દેહ છોડયો.

સ્વ. જેઠાલાલભાઈનો પરિચય મને મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રેક્ષાધ્યાન વિશે વ્યાખ્યાન આપવા માટે પધાર્યા ત્યારથી થયો હતો. મને એમની સાધના માટે ઘણો આદરભાવ હતો. પ્રેક્ષાધ્યાન એમનો ખાસ રસનો અને અભ્યાસનો વિષય હતો.

સ્વ. જેઠાલાલભાઈ ઝવેરીનો જન્મ કચ્છમાં ભુજ નગરમાં ઈ. સ. ૧૯૧૧ના એપ્રિલની ૧૩મી તારીખે થયો હતો. એમણે અભ્યાસ મુંબઈમાં આવીને કર્યો હતો. ઈ. સ. ૧૯૩૦માં એમણે મુંબઈ યુનિવર્સિટીની B. Sc.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈને પ્રાપ્ત કરી હતી. આમ તેમણે વિજ્ઞાન શાખાનો અભ્યાસ કર્યો હતો. ગણિત અને ભૌતિક વિજ્ઞાન એમના પ્રિય વિષયો હતા. તેમનની કારકિર્દી તેજસ્વી હતી. ત્યાર પછી તેમણે વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. ઉત્તરોત્તર પ્રગતિ કરતાં કરતાં તેમણે હિન્દુસ્તાન ટાવર્સ લિમિટેડમાં તથા ભારત બિ[illegible] લિમિટેડમાં મેનેજિંગ ડાયરેક્ટર તરીકે કુશળ કામગીરી બજાવી. તેઓ એક સફળ ઉદ્યોગપતિ રહ્યા હતા. વ્યવસાયને નિમિત્તે વ્યાખ્યાનો આપવા માટે તેમણે દુનિયાના ઘણા દૂર દૂરના દેશોનો પ્રવાસ પણ કર્યો હતો. ઈ. સ. ૧૯૭૯માં વ્યવસાયમાંથી તેઓ નિવૃત્ત

(અનુસંધાન પૃષ્ઠ ૧૯મું)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : [illegible] ઓફસેટ પ્રિન્ટર્સ, ૧૯, [illegible] સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૪૯૨.